


PRGI No. GUJGUJ/2016/70752

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 10
Issue : 236
Dt.: 01-07-2026,
Wednesday
Page:04
Rs.00.50 paisa


### એસટી નિગમના હજારો કર્મચારીઓને મોટી આર્થિક રાહત

# એસ.ટી. નિગમના કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં વધારો, એરિયર્સ પણ મળશે

### એસટી કર્મચારીઓ પોતાના હક અને પડતર માંગણીઓને લઈને લાંબા સમયથી રજૂઆતો કરી રહ્યા હતા, જેનો સરકારે હકારાત્મક પ્રતિસાદ આપ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ (GSRTC)ના હજારો એસટી કર્મચારીઓ માટે રાજ્ય સરકારે દિવાળી જેવો માહોલ સર્જ્યો છે.

મોંઘવારી ભથ્થા (DA)માં ૩ ટકાનો વધારો મંજૂર કરવામાં આવ્યો છે. આ નિર્ણય અનુસાર, કર્મચારીઓને અત્યાર સુધી મળતું ૫૫ ટકા મોંઘવારી ભથ્થું હવે વધીને ૫૮ ટકા થઈ જશે. લાંબા સમયથી ચાલી રહેલી માંગણીનો સુખદ અંત આવતા એસટી કર્મચારી આલમમાં ખુશીની લહેર દોડી ગઈ છે.

રાજ્ય સરકારના આ કલ્યાણકારી નિર્ણયનો સીધો લાભ એસટી નિગમના તમામ પાત્રતા ધરાવતા નાના-મોટા કર્મચારીઓને મળવા જઈ રહ્યો છે. આ જાહેરાતમાં માત્ર ચાલુ મહિનાથી જ વધારો નથી મળવાનો, પરંતુ અગાઉના સમયગાળાની વધારાની રકમનું બાકી નીકળતું એરિયર્સ પણ કર્મચારીઓને રોકડેથી ચૂકવવામાં આવશે.

સરકારના આ આર્થિક પૅકેજને કારણે એસટી નિગમની તિજોરી પર અંદાજે રૂ. ૨૪ કરોડથી વધુનો વધારાનો વાર્ષિક આર્થિક બોજ પડશે, તેમ છતાં કર્મચારીઓના સુખાકારી માટે સરકારે આ બોજ વહાવવાનું નક્કી કર્યું છે.



સરકારના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, આ નિર્ણયના ચોક્કસ અમલીકરણ અને એરિયર્સની ગણતરી અંગેના વિગતવાર આદેશો તેમજ ઠરાવ ટૂંક સમયમાં જ નિગમ દ્વારા જાહેર કરવામાં આવશે.

સામાન્ય રીતે મોંઘવારી ભથ્થું એ સરકારી અને જાહેર ક્ષેત્રના કર્મચારીઓને વધતી જતી મોંઘવારી સામે રક્ષણ આપવા અને તેમનું જીવનધોરણ જાળવી રાખવા માટે આપવામાં આવતું આર્થિક પ્રાવધાન છે, જે દર છ મહિનાની મોંઘવારીના આંકડા અને સાતમા પગાર પંચના ધારાધોરણો મુજબ મૂળ પગાર પર ગણવામાં આવે છે. એસટી કર્મચારીઓ પોતાના હક અને પડતર માંગણીઓને લઈને લાંબા સમયથી રજૂઆતો કરી રહ્યા હતા, જેનો સરકારે હકારાત્મક પ્રતિસાદ આપ્યો છે. આ આર્થિક લાભ મળવાથી મોંઘવારીના આ સમયમાં એસટી ડ્રાઈવર, કંડક્ટર, મિકેનિકલ સ્ટાફ અને વહીવટી કર્મચારીઓ સહિતના મધ્યમ વર્ગીય પરિવારોને બહુ મોટી આર્થિક રાહત અને મજબૂતાઈ મળશે.

### ભારે વરસાદના કારણે પૂર સંકટ, ૪૫ હજાર લોકો થયા બેઘર

## અસમમાં પૂરે ભારે તબાહી મચાવી, ૩૦૦ મીટર લાંબો લોખંડનો પુલ તૂટ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)અસમ

અસમમાં પૂરે ભારે તબાહી મચાવી છે. પાંચ જિલ્લાઓમાં ૪૫ હજાર લોકો પ્રભાવિત થયા છે. વાયુસેના રાહત અને બચાવ કામગીરીમાં રોકાયેલી છે. ૩૦૦ મીટર લાંબો લોખંડનો પુલ તૂટી પડ્યો છે, અને રસ્તાઓ ખાડામાં પડી ગયા છે. ધેમાજી જિલ્લો સૌથી વધુ પ્રભાવિત થયો છે. ડિબ્રુગઢ, ચિરાંગ, લખીમપુર અને નલબારી જિલ્લાઓ પણ પ્રભાવિત થયા છે. આસામમાં પૂર આવવાનો આ પહેલો પ્રસંગ નથી. અસમમાં પૂર આવવાના ઘણા કારણો છે.





અસમમાં પૂરના મુખ્ય કારણો

૧. ભારે ચોમાસાનો વરસાદ:
અસમ એક ઉત્તરપૂર્વીય રાજ્ય છે જ્યાં ચોમાસા દરમિયાન ભારે વરસાદ પડે છે. આ ભારે વરસાદ પૂરમાં ફાળો આપે છે. આસામમાં દર વર્ષે જૂન અને સપ્ટેમ્બર વચ્ચે ભારે વરસાદ પડે છે.

સતત વરસાદ નદીઓના પાણીનું સ્તર ઝડપથી વધારે છે, જેના કારણે પૂર આવે છે. અસમમાં પૂરનું એક મુખ્ય કારણ બ્રહ્મપુત્ર અને તેની ઉપનદીઓ છે. ચોમાસા દરમિયાન બ્રહ્મપુત્ર અને તેની ઉપનદીઓ ફૂલી જાય છે. તેનો વિશાળ જળક્ષેત્ર પૂરનું જોખમ વધારે છે. આ જ કારણ છે કે જ્યારે પૂર આવે છે ત્યારે તે સરળતાથી ઓછું થતું નથી.

૨. નદીઓમાં કાંપનું જમાવટ:
અસમના પર્વતોમાંથી વહેતી માટી અને કાંપ પણ પૂરની તીવ્રતામાં ફાળો આપે છે. આ કાંપ નદીના પટમાં એકઠા થાય છે. પરિણામે, કાંપ નદીની પાણી સંગ્રહ ક્ષમતા ઘટાડે છે. પરિણામે, પાણી ઝડપથી તેના કાંઠાઓ ઉપર વહી જાય છે, જેના કારણે ગંભીર પૂર આવે છે.

૩. વનનાબૂદી પરિસ્થિતિને વધુ ખરાબ કરે છે:
પહાડી વિસ્તારોમાં વનનાબૂદીથી માટીનું ધોવાણ વધ્યું છે. આ વધતા ધોવાણથી નદીઓ સુધી કાટમાળ પહોંચે છે, જેનાથી પૂરની સ્થિતિ વધુ ખરાબ થાય છે. આ જ કારણ છે કે પૂર વિનાશક છે.૪. પૂરના મેદાનો પર અતિક્રમણ:
નદી કિનારા અને કુદરતી પૂરના મેદાનોમાં વધતા બાંધકામો, રસ્તાઓ અને બિનઆયોજિત વસાહતો પાણીના કુદરતી પ્રવાહને અવરોધે છે, જે પૂરની અસરને વધારે છે. નિષ્ણાતો કહે છે કે આસામનો ૪૦ ટકાથી વધુ ભાગ પૂર માટે ખૂબ જ સંવેદનશીલ છે. આ જ કારણે રાજ્યના લાખો લોકો દર વર્ષે પૂરથી પ્રભાવિત થાય છે, અને બ્રહ્મપુત્ર ખીણને સૌથી સંવેદનશીલ વિસ્તારોમાંનો એક માનવામાં આવે છે.

અસમના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્મા કહે છે કે, સલામતી અમારી ટોચની પ્રાથમિકતા છે. વધતા પાણીએ ધેમાજીના જોનાઈ નજીકના અનેક ગામોમાં પૂર જેવી પરિસ્થિતિનું નિર્માણ કર્યું છે, જેના કારણે લોકોની આજીવિકા ખોરવાઈ છે. મોટા પાયે પુનર્વસન કાર્યક્રમ ચાલી રહ્યો છે. સરકાર આપત્તિથી પ્રભાવિત દરેક વ્યક્તિ સાથે મજબૂત રીતે ઉભી છે.

### ઉપેન્દ્ર દ્વિવેદીને અપાયુ ગાર્ડ ઑફ ઓનર

## જનરલ ધીરજ સેઠ બન્યા ભારતીય સેનાના નવા પ્રમુખ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

જનરલ ધીરજ સેઠ ભારતીય સેનાના નવા આર્મી ચીફ બન્યા છે. આ પહેલા તેમણે આર્મી સ્ટાફના વાઈસ ચીફ તરીકે સેવા આપી હતી.

તેમણે આજે આર્મી ચીફ તરીકેનો કાર્યભાર સંભાળ્યો. તેમણે રણપ્રદેશમાં કામગીરીથી લઈને જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદ વિરોધી મિશન સુધીની સેનામાં મહત્વપૂર્ણ ભૂમિકાઓ ભજવી છે.

આર્મી ચીફ પદેથી હવે જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી સેવામાંથી નિવૃત્ત થયા. મંગળવારે નવી દિલ્હીના સાઉથ બ્લોક લૉન ખાતે સેના દ્વારા તેમને ઔપચારિક ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. તે પહેલાં, જનરલ દ્વિવેદીએ રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક પર પુષ્પાંજલિ પણ અર્પણ કરી હતી.

જનરલ ધીરજ સેઠ રાષ્ટ્રીય સંરક્ષણ એકેડેમી, ખડકવાસલાના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે.

તેમને ડિસેમ્બર ૧૯૮૬ માં ભારતીય સેનાના આર્મર્ડ કોર્પ્સમાં કમિશન આપવામાં આવ્યું હતું.

ચાર દાયકાની તેમની શાનદાર લશ્કરી કારકિર્દી દરમિયાન, તેમણે ઓપરેશનલ, વ્યૂહાત્મક, ક્ષમતા વિકાસ અને સંસ્થાકીય ક્ષેત્રોમાં વ્યાપક અનુભવ મેળવ્યો છે.આ અનુભવે ભારતીય સેનાની લડાઈ ક્ષમતાઓ અને તેના લાંબા ગાળાના પરિવર્તનમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. જનરલ સેઠે અનેક મહત્વપૂર્ણ લશ્કરી કામગીરી દરમિયાન વિવિધ સ્તરે કમાન્ડ હોદ્દા સંભાળ્યા છે.

તેમના કમાન્ડ સોંપણીઓમાં રણ ક્ષેત્રમાં એક સશસ્ત્ર રેજિમેન્ટ, પશ્ચિમી મોરચા પર એક સશસ્ત્ર બ્રિગેડ અને જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદ વિરોધી દળનું નેતૃત્વ શામેલ છે. લેફ્ટનન્ટ જનરલ તરીકે, જનરલ ધીરજ સેઠે 'સુદર્શન ચક્ર કોર્પ્સ'નું નેતૃત્વ કર્યું હતું, જે ભારતીય સેનાની એક મુખ્ય સ્ટ્રાઈક રચના હતી.

તેમણે દિલ્હી ક્ષેત્રના જનરલ ઓફિસર કમાન્ડિંગ તરીકે પણ સેવા આપી હતી, જ્યાં તેમણે મહત્વપૂર્ણ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય લશ્કરી પ્રવૃત્તિઓ અને ઔપચારિક જવાબદારીઓનું નિરીક્ષણ કર્યું હતું.

આર્મી કમાન્ડરના પદ પર બઢતી મળ્યા પછી, તેમણે દક્ષિણ પશ્ચિમ કમાન્ડ અને ત્યારબાદ આર્મીના દક્ષિણ કમાન્ડની જવાબદારી સંભાળી હતી. જનરલ સેઠ પાસે બે ઓપરેશનલ મિલિટરી કમાન્ડનું નેતૃત્વ કરવાનો અને અઢી વર્ષથી વધુ સમય સુધી મહત્વપૂર્ણ મોરચે વ્યૂહાત્મક દેખરેખ રાખવાનો દુર્લભ ગૌરવ છે. તેમણે અનેક મુખ્ય સ્ટાફ અને વ્યૂહાત્મક ભૂમિકાઓમાં પણ સેવા આપી છે.

### ચીનની અવળચંડાઈ

## બ્રહ્મપુત્ર પર બનાવી દીધો સૌથી ઉંચો ડેમ, ભારત માટે ખતરો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ચીને તાજેતરમાં સિચુઆન પ્રાંતમાં 'શુઆંગજિયાંગકોઉ હાઈડ્રોપાવર સ્ટેશન'ના પ્રથમ યુનિટને પાવર ગ્રીડ સાથે જોડીને વિશ્વના સૌથી ઊંચા ડેમ બાંધવાનો રેકોર્ડ સર્જ્યો છે. ૩૧૫ મીટરની ઊંચાઈ ધરાવતો આ વિશાળ ડેમ માત્ર ઈજનેરી કળાનો ઉત્કૃષ્ટ નમૂનો નથી, પરંતુ તે ચીનની વધતી જતી આર્થિક અને લશ્કરી મહત્વાકાંક્ષાઓનું પ્રતીક પણ છે. આ પ્રોજેક્ટ વાર્ષિક અંદાજે ૭.૭ અબજ યુનિટ વીજળી ઉત્પન્ન કરશે, જે કોલસા પરની નિર્ભરતા ઘટાડવામાં મદદરૂપ થશે. જોકે, તેની વિશાળતા અને ભૌગોલિક સ્થાનને કારણે ભારત અને બાંગ્લાદેશ જેવા પડોશી દેશોમાં ભારે ચિંતાનું મોજું ફરી વળ્યું છે.



ચિંતાનું મુખ્ય કારણ એ છે કે આ ડેમ યાર્લુંગ ત્સાંગપો નદી પર નિર્મિત છે, જેને ભારતમાં 'બ્રહ્મપુત્રા' અને બાંગ્લાદેશમાં 'જમુના' તરીકે ઓળખવામાં આવે છે. આ નદી અરુણાચલ પ્રદેશ અને આસામની જીવાદોરી સમાન છે. નિષ્ણાતો તેને ચીન દ્વારા ઊભા કરાયેલા 'પાણીના બોમ્બ' તરીકે વર્ણવી રહ્યા છે. આ મેગા પ્રોજેક્ટ દ્વારા ચીનને બ્રહ્મપુત્રાના પાણીના પ્રવાહને નિયંત્રિત કરવાની શક્તિ મળશે. ભવિષ્યમાં, જો ચીન ઈચ્છે તો તે ભારત તરફ આવતા પાણીના પ્રવાહને ઘટાડી શકે છે અથવા અચાનક છોડીને કૃત્રિમ પૂર જેવી સ્થિતિ પણ પેદા કરી શકે છે.

આ ડેમ યાર્લુંગ ત્સાંગપો ગ્રાન્ડ કેન્યોન પાસે સ્થિત છે, જે વિશ્વની સૌથી ઊંડી ખીણોમાંની એક છે. નદીનો આ વળાંક વ્યૂહાત્મક રીતે ખૂબ મહત્વનો છે. અગાઉ ચીને આ વિસ્તારમાં મેડોગ મેગા ડેમ બનાવવાની જાહેરાત કરી હતી, જેણે આંતરરાષ્ટ્રીય સ્તરે વિવાદ જગાવ્યો હતો. ૧૬૮ અબજ ડોલરના અંદાજિત ખર્ચ સાથે તૈયાર થઈ રહેલો આ પ્રોજેક્ટ ચીનની શક્તિનું પ્રદર્શન છે, પરંતુ તે પ્રાદેશિક સુરક્ષા અને પર્યાવરણીય સંતુલન માટે ગંભીર પ્રશ્નો ઊભા કરે છે. ભારત માટે આ એક વ્યૂહાત્મક ચેતવણી સમાન છે. નદીના ઉપરવાસમાં ચીનનું સંપૂર્ણ નિયંત્રણ પડોશી દેશોની જળ સુરક્ષા અને કૃષિ ક્ષેત્રને સીધી અસર કરી શકે છે. ચીન ભલે આને વીજ ઉત્પાદન અને પૂર નિયંત્રણનો પ્રોજેક્ટ ગણાવતું હોય, પરંતુ ચીનના ઈતિહાસને જોતા પડોશી દેશોને આ બાબતે સતર્ક રહેવાની જરૂર છે. આ પ્રકારના મેગા પ્રોજેક્ટ્સ માત્ર નદીના વહેણને જ નહીં, પરંતુ ભૌગોલિક-રાજકીય સમીકરણોને પણ બદલી નાખવાની ક્ષમતા ધરાવે છે. હવે જોવાનું એ રહેશે કે ભારત આ વધતા જતા જળ સંકટ અને ચીની દબાણને પહોંચી વળવા શું રાજદ્વારી પગલાં લે છે.

### દ્વિપક્ષીય વેપાર સંબંધોને વધુ મજબૂત બનાવવા અંગે મહત્વપૂર્ણ ચર્ચા

## India-America વચ્ચે દ્વિપક્ષીય વેપાર કરાર અંગે યુએસ ટ્રેડ પ્રતિનિધિ સાથે યોજાઈ ઉચ્ચસ્તરીય બેઠક

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

યુનાઈટેડ સ્ટેટ્સ-ઈન્ડિયા સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ ફોરમ (USISPF) દ્વારા તેની નવમી વાર્ષિક લીડરશિપ સમિટની શરૂઆત અમેરિકાના ટ્રેડ રિપ્રેઝેન્ટેટિવ એમ્બેસેડર ગ્રીર સાથે યોજાયેલી ક્લોઝ્ડ-ડોર રાઉન્ડટેબલ બેઠકથી કરવામાં આવી.

આ વર્ષે યોજાયેલી સમિટને ખાસ મહત્વ આપવામાં આવી રહ્યું છે, કારણ કે અમેરિકા પોતાની સ્વતંત્રતાની ૨૫૦મી વર્ષગાંઠની ઉજવણી કરી રહ્યું છે.આ બેઠક એવા સમયે યોજાઈ હતી જ્યારે થોડા દિવસો પહેલાં જ એમ્બેસેડર ગ્રીરે ભારતની મુલાકાત દરમિયાન કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ સાથે દ્વિપક્ષીય વેપાર સંબંધોને વધુ મજબૂત બનાવવા અંગે મહત્વપૂર્ણ ચર્ચા કરી હતી. બંને દેશો વચ્ચે સંતુલિત અને પરસ્પર લાભદાયી ભારત-અમેરિકા દ્વિપક્ષીય વેપાર કરાર (BTA) તેમજ ૬ ફેબ્રુઆરી, ૨૦૨૬ના સંયુક્ત નિવેદનને અનુરૂપ વચગાળાના કરારને આગળ વધારવા માટે આ ચર્ચાને મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

રાઉન્ડટેબલ દરમિયાન USISPFના બોર્ડ સભ્યોએ એમ્બેસેડર ગ્રીર સાથે વેપાર સંબંધોને વધુ ગાઢ બનાવવા માટેના વિવિધ મુદ્દાઓ પર સીધી ચર્ચા કરી હતી. તેમાં બંને દેશો વચ્ચે માર્કેટ એક્સેસ વધારવો, ડિજિટલ ટ્રેડને પ્રોત્સાહન આપવું, સપ્લાય ચેઈનને વધુ મજબૂત બનાવવી તેમજ નોન-ટેરિફ અવરોધોમાં ઘટાડો કરવા જેવા મુદ્દાઓનો સમાવેશ થયો હતો. નિષ્ણાતોના મતે ભારત અને અમેરિકા વચ્ચે વેપાર અને રોકાણના સંબંધો સતત મજબૂત બની રહ્યા છે. આવી ઉચ્ચસ્તરીય બેઠકો બંને દેશો વચ્ચેના આર્થિક સહયોગને નવી દિશા આપશે અને ભવિષ્યમાં વેપાર, ટેકનોલોજી તેમજ વૈશ્વિક સપ્લાય ચેઈનમાં ભાગીદારી વધુ વિસ્તરવાની સંભાવના મજબૂત બનશે.

## યુરોપમાં રેકોર્ડબ્રેક ગરમીએ ફ્રાન્સમાં વિનાશક સ્વરૂપ ધારણ કર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)ફ્રાંસ

યુરોપમાં આ વર્ષે અનુભવાતી રેકોર્ડબ્રેક ગરમીએ ફ્રાન્સમાં વિનાશક સ્વરૂપ ધારણ કર્યું છે. ભીષણ હીટવેવના કારણે દેશભરમાં ૧૦૦૦થી વધુ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે, જેનાથી સમગ્ર ફ્રાન્સમાં ગમગીની અને ભયનો માહોલ છે. આ મૃત્યુ પામેલા લોકોમાં ૮૫ ટકા વ્યક્તિઓ ૬૫ વર્ષ કે તેથી વધુ ઉંમરના છે, જે દર્શાવે છે કે વૃદ્ધો આ આત્યંતિક તાપમાન સામે સૌથી વધુ સંવેદનશીલ છે. પરિસ્થિતિ એટલી હદે ગંભીર બની ગઈ છે કે દેશના અંતિમ સંસ્કાર ગૃહો (ફ્યુનરલ હોમ્સ) મૃતદેહોથી ઉભરાઈ રહ્યા છે. નેશનલ ફ્યુનરલ ફેડરેશનના વડા એલિઝાબેથ શ્રિરે જણાવ્યું હતું કે, સામાન્ય રીતે ઉનાળામાં ફ્યુનરલ હોમ્સમાં ૩૦ થી ૪૫ ટકા ભરાવો રહેતો હોય છે, જે અત્યારે વધીને ૬૬ ટકાને પાર કરી ગયો છે. ખાસ કરીને પેરિસમાં સ્થિતિ વધુ વિકટ છે, જ્યાં ઘણા ફ્યુનરલ હોમ્સ સંપૂર્ણપણે ભરાઈ ગયા છે. હવે લોકોએ તેમના સ્વજનોના અંતિમ સંસ્કાર માટે પેરિસ શહેરની બહાર અથવા દૂરના વિસ્તારોમાં જવું પડી રહ્યું છે. કબ્રસ્તાનમાં દફનવિધિ માટે પણ જગ્યાનો અભાવ સર્જાયો છે. કબ્રસ્તાનના કામદારો મૃતકોની વધતી સંખ્યા સામે ઝડપથી કબરો ખોદવામાં અસમર્થ સાબિત થઈ રહ્યા છે. નિષ્ણાતો હવે 'ડોમિનો ઈફેક્ટ'ની ચેતવણી આપી રહ્યા છે, જ્યાં એક ઘટનાની સાંકળ બીજી ગંભીર સમસ્યાઓને નોતરી રહી છે. ફ્રાન્સના વડા પ્રધાન સેબેસ્ટિયન લેકોર્નુએ આ ગંભીર કટોકટીને પહોંચી વળવા માટે તાત્કાલિક ઉચ્ચ સ્તરીય બેઠક યોજી છે. દેશભરની શાળાઓ અને પર્યટન સ્થળો બંધ કરી દેવામાં આવ્યા છે, કારણ કે સામાન્ય જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. વૈજ્ઞાનિકો આ અસહ્ય ગરમીને સ્પષ્ટપણે આબોહવા પરિવર્તન (ક્લાઈમેટ ચેન્જ) સાથે જોડી રહ્યા છે. યુરોપના દેશો જે ઠંડી આબોહવા માટે જાણીતા હતા, ત્યાં આટલું ઊંચું તાપમાન સામાન્ય માનવ જીવન માટે અસહ્ય બની ગયું છે. આ ઘટના માત્ર ફ્રાન્સ માટે જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વ માટે આબોહવા પરિવર્તનના ખતરાને સમજવા માટે એક મોટી ચેતવણી સમાન છે. આગામી દિવસોમાં જો તાપમાનમાં ઘટાડો નહીં થાય, તો પરિસ્થિતિ વધુ ગંભીર બની શકે છે. ફ્રાન્સની સરકાર હાલમાં આ આપત્તિને નિયંત્રિત કરવા માટે તમામ સ્તરે પ્રયત્નો કરી રહી છે, પરંતુ મૃત્યુઆંક અને વ્યવસ્થાપનની મર્યાદાઓ સતત ચિંતા વધારી રહી છે.




# તંત્રી લેખ......

## વિલંબ પણ અન્યાય છે

શ્રીનગરની સરકારી હોસ્પિટલમાં કાશ્મીરી પંડિત નર્સ સરલા ભટ્ટના અપહરણ અને હત્યાના કેસમાં ૩૫ વર્ષ પછી આતંકવાદી નેતા યાસીન મલિક અને તેના સાથીઓ સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે તે સંતોષકારક કરતાં વધુ આશ્ચર્યજનક છે. યાસીન મલિક પ્રતિબંધિત આતંકવાદી સંગઠન જેકેએલએફના વડા છે.

સરલા ભટ્ટની ક્રૂર હત્યા કાશ્મીરમાં આતંકવાદ સાથે સંબંધિત એક ભયાનક ઘટના હતી, જેના કારણે ખીણમાંથી કાશ્મીરી પંડિતોના પલાયનને વેગ મળ્યો હતો. આ કેસમાં આટલા લાંબા સમય પછી ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે તે દર્શાવે છે કે આપણા દેશમાં ગંભીર કેસ પણ ઘણીવાર તેમના નિયંત્રણની બહાર કેવી રીતે વિલંબિત થાય છે.

જ્યારે આતંકવાદ સંબંધિત ગંભીર કેસોમાં પણ આવું બને છે, ત્યારે તે પીડિતોમાં નિરાશા જ પેદા કરે છે, પરંતુ આતંકવાદ સામે લડવાની પ્રતિબદ્ધતા પર પણ પ્રશ્નો ઉભા કરે છે. એ સમજવું મુશ્કેલ છે કે, ત્રણ દાયકાથી વધુ સમયથી, કોઈએ સરલા ભટ્ટ માટે ન્યાય સુનિશ્ચિત કરવાની જરૂરિયાત કેમ જોઈ નથી.

સરલા ભટ્ટ કેસ પહેલો નથી જેમાં ગુનેગારોને ન્યાય અપાવવાની પ્રક્રિયામાં અન્યાયના બિંદુ સુધી વિલંબ થયો છે. આવા અસંખ્ય કિસ્સાઓ છે જેમાં કાશ્મીરી પંડિતોને ભયભીત કરનારા અને તેમને ભાગી જવા માટે મજબૂર કરનારા હત્યા અને હિંસાના બનાવોને અવગણવામાં આવ્યા છે. જમ્મુ અને કાશ્મીર સરકારે, તત્કાલીન કેન્દ્ર સરકારો સાથે, આ ઉપેક્ષામાં ભૂમિકા ભજવી હતી. એ પણ એક દુઃખદ હકીકત છે કે સુપ્રીમ કોર્ટે એક વખત કાશ્મીરી પંડિતોની હત્યાઓની તપાસની જરૂરિયાતને ફગાવી દીધી હતી, કારણ કે તે ખૂબ મોડું થઈ ગયું હતું. જ્યારે અન્ય કેસોની તપાસ દાયકાઓ પછી થઈ છે, ત્યારે કાશ્મીરી પંડિતો પરના ભયાનક અત્યાચારોની તપાસ આટલી અસંવેદનશીલ કેમ હતી? એ દુઃખદ છે કે કાશ્મીરી પંડિતો પરના અત્યાચારોને અવગણવામાં આવ્યા હતા અને તેમને લાયક ન્યાય આપવા માટે કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા ન હતા, પરંતુ આ અત્યાચારો માટે જવાબદાર આતંકવાદી તત્વો, જેમ કે યાસીન મલિક, ને ન્યાય અપાવવાનો ઈનકાર કરવામાં આવ્યો હતો. તેનાથી પણ ખરાબ, તેમને ગાંધીવાદી ગણાવવામાં આવ્યા હતા, જે કથિત રીતે કાશ્મીર મુદ્દાને ઉકેલવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા હતા. યાસીન મલિકના કિસ્સામાં, આ ત્યારે પણ કરવામાં આવ્યું હતું જ્યારે તેમના પર ચાર વાયુસેનાના કર્મચારીઓની હત્યા કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો, જેમણે ૧૯૯૦ માં આ હત્યાઓ પણ કરી હતી. આ સારી વાત છે કે આ કેસમાં પણ તેમની સામે કાનૂની કાર્યવાહી થઈ રહી છે, પરંતુ જે વિલંબ થયો તેને અવગણી શકાય નહીં.

### મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે શિક્ષણમંત્રીશ્રી અને શિક્ષણ રાજ્ય મંત્રીશ્રીની ઉપસ્થિતિમાં ભૂમિપૂજન કર્યુ

# ગાંધીનગરમાં ૧૨૭ કરોડના ખર્ચે નિર્માણ પામશે ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટિચર્સ એજ્યુકેશન IITEનું નૂતન ભવન અને હોસ્ટેલ

### IITE જેવી સંસ્થાઓ થકી ભારત રાષ્ટ્ર નિર્માતા શિક્ષકો આપીને વૈશ્વિક કક્ષાએ મહત્વની ભૂમિકા ભજવશેઃ શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા






વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પરિકલ્પનાથી સ્થપાયેલી સ્ટેટ યુનિવર્સિટી ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટિચર્સ એજ્યુકેશનનું નવું અદ્યતન ભવન ગાંધીનગરમાં નિર્માણ પામશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રૂ.૧૨૭ કરોડના અંદાજિત ખર્ચે નિર્માણ થનારા આ નૂતન ભવનનું ભૂમિપૂજન શિક્ષણ મંત્રી શ્રી પ્રદ્યુમનભાઈ વાજા તથા રાજ્ય મંત્રીશ્રીઓ સર્વ શ્રી ત્રિકમભાઈ છાંગા, અને રિવાબા જાડેજાની ઉપસ્થિતિમાં કર્યુ હતું.

આ નવા ભવનમાં એકેડેમિક બિલ્ડિંગ, આધુનિક સાયન્સ લેબ તથા સેમીનાર રૂમ તેમજ સ્ટેટ ઓફ આર્ટ લાયબ્રેરી અને મ્યુઝીયમ જેવી સુવિધાઓ ઉપરાંત વિવિધ રમતો માટે પ્લે ગ્રાઉન્ડ, આધુનિક સુવિધાઓ સાથેની ૬૦૦થી વધુ ભાઈઓ તથા બહેનોને સમાવી શકાય તેવી હોસ્ટેલનું બાંધકામ હાથ ધરાશે.

આ ભારતીય શિક્ષક શિક્ષણ સંસ્થાનની સ્થાપના સમાજને ઉત્તમ શિક્ષકો મળે તે હેતુસર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આગવા વિઝનથી કરવામાં આવેલી છે.

આ પ્રસંગે શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ જણાવ્યું હતું કે, આજે માત્ર ભવન કે મકાન નિર્માણની શરૂઆત નથી થઈ, પરંતુ ભારતના ભવિષ્યના ઘડતરમાં અમૂલ્ય યોગદાન આપનારા ઉત્તમ શિક્ષકોના નિર્માણના એક નવા યુગની શરૂઆત થઈ છે. ભારત માત્ર સામાન્ય શિક્ષકો જ નહીં, પણ 'રાષ્ટ્ર નિર્માતા' શિક્ષકો તૈયાર કરીને વૈશ્વિક સ્તરે અગ્રણી ભૂમિકા ભજવે અને વિદેશોમાં પણ શ્રેષ્ઠ શિક્ષકો પૂરા પાડે, તેવા ભગીરથ દ્રષ્ટિકોણને આ સંસ્થા આજે નવી ઊંચાઈએ લઈ જઈ રહી છે.

શિક્ષણ મંત્રી શ્રી વાજાએ જણાવ્યું હતું કે, વિશ્વકક્ષાના શિક્ષકો તૈયાર કરવા માટે વૈશ્વિક સ્તરની સંસ્થા સ્થાપવાના ઉદ્દેશ સાથે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દુરંદેશી વિચારથી વર્ષ-૨૦૧૦માં આ વિશિષ્ટ વિશ્વવિદ્યાલયની સ્થાપના કરવામાં આવી હતી. સંસ્થાના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૧૨૭ કરોડની ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી છે. આ ગ્રાન્ટ અંતર્ગત કેમ્પસમાં નવા એકેડેમિક અને ફેકલ્ટી બિલ્ડિંગ, અદ્યતન વર્ગખંડો, આધુનિક વિજ્ઞાન પ્રયોગશાળાઓ, સેમિનાર હોલ, સ્ટેટ-ઓફ-ધ-આર્ટ લાઈબ્રેરી, મ્યુઝિયમ તેમજ રમત-ગમતની ઉત્કૃષ્ટ સુવિધાઓ ઊભી કરાશે. આ ઉપરાંત, અંદાજે ૬૦૦થી વધુ વિદ્યાર્થીઓ માટે તમામ આધુનિક સુવિધાઓથી સજ્જ હોસ્ટેલનું નિર્માણ પણ કરવામાં આવશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ -NEP- ૨૦૨૦ના અસરકારક અમલીકરણમાં ગુજરાત દેશભરમાં અગ્રેસર રહ્યું છે. આ નવી શિક્ષણ નીતિ બહુ-વિષયક શિક્ષણ, સંશોધન, ઈનોવેશન અને કૌશલ્ય આધારિત અભ્યાસક્રમ પર વિશેષ ભાર મૂકે છે. આ જ દિશામાં આગળ વધતા, IITE ને હવે એક 'મલ્ટીડિસિપ્લિનરી યુનિવર્સિટી' તરીકે વિકસાવવામાં આવી રહી છે. જે અંતર્ગત વિવિધ જ્ઞાન શાખાઓના સંકલન સાથે સર્વગ્રાહી શિક્ષણ અને સંશોધનને પ્રોત્સાહન આપતી સાત નવી 'યુનિવર્સિટી સ્કૂલ્સ' ની રચના કરવામાં આવી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, શિક્ષણ એ સમાજ અને રાષ્ટ્રના વિકાસનું સૌથી શક્તિશાળી માધ્યમ છે અને શિક્ષક વર્ગખંડમાંથી જ રાષ્ટ્રનું નિર્માણ કરે છે. આજે જે ઈમારતનો શિલાન્યાસ કરવામાં આવ્યો છે, તે માત્ર સિમેન્ટ-કોંક્રિટનું માળખું નથી, પરંતુ 'વિકસિત ગુજરાત' થી 'વિકસિત ભારત' ના ઉજ્જવળ ભવિષ્યની એક મજબૂત આધારશિલા છે.

આ પ્રસંગે ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી ત્રિકમભાઈ છાંગાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દાર્શનિક વિચાર સાથે સ્થપાયેલી આ યુનિવર્સિટી માત્ર અક્ષરજ્ઞાન આપવા પૂરતી સીમિત નથી, પરંતુ શિક્ષણ ક્ષેત્રે નવું ચિંતન અને સંશોધન લાવી આધુનિક ગુજરાત અને આધુનિક ભારતના નિર્માણમાં પાયાની ભૂમિકા ભજવે છે. નવી શિક્ષણ નીતિ – NEP ૨૦૨૦ના વ્યાપક અમલીકરણ વચ્ચે, આ યુનિવર્સિટી આગામી દિવસોમાં દેશભરમાં શિક્ષણના આચાર, વિચાર અને વ્યવહારમાં આમૂલ પરિવર્તન લાવી એક અગત્યનું સ્થાન પ્રાપ્ત કરશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

આ વિશેષ પ્રસંગે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વડનગરની શ્રી બી.એન. હાઈસ્કૂલમાં જે આદરણીય શિક્ષકો અને ગુરુજનો પાસેથી શિક્ષણ મેળવ્યું હતું, તે ગુરુજનોનું મુખ્યમંત્રીશ્રી દ્વારા ભાવપૂર્વક અભિવાદન-સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શિક્ષણ મંત્રીશ્રી સહિત ઉપસ્થિત અન્ય મહાનુભાવોના હસ્તે ITEP અભ્યાસક્રમનું ડિજિટલ વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્વાગત પ્રવચન IITEના કુલપતિ ડૉ. મુકેશ પટેલે કર્યું હતું, જ્યારે આભારવિધિ કુલસચિવ શ્રી જતીન ભટ્ટે કરી હતી. આ સમારોહમાં ગાંધીનગરના મેયર શ્રી મીરાબેન પટેલ, રાજ્યસભાના સાંસદ શ્રી રાજેશ શુક્લ, સહિત IITEના પ્રોફેસર, એકેડમિક હેડ, ડાયરેક્ટર અને આચાર્ય, વિદ્યાર્થીઓ ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

# પશ્ચિમ કચ્છ એસઓજી પોલીસ દ્વારા લાખો રૂપિયાનો વિદેશી દારૂ ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)કચ્છ

કચ્છના મુન્દ્રા વિસ્તારમાં પશ્ચિમ કચ્છ એસઓજી પોલીસ દ્વારા કરવામાં આવેલી એક મોટી કાર્યવાહીમાં લાખો રૂપિયાનો વિદેશી દારૂ ઝડપાઈ ગયો છે.પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે સીમ વિસ્તારમાં દરોડા પાડવામાં આવ્યા હતા.જ્યાં દારૂનું કટિંગ થઈ રહ્યું હોવાનું સામે આવ્યું છે.આ સફળ ઓપરેશન દરમિયાન પોલીસે આશરે ૧૫ લાખ રૂપિયાની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ દરોડા દરમિયાન પોલીસને સ્થળ પરથી વાહનો મળી આવ્યા હતાં.જે દારૂની હેરાફેરી માટે ઉપયોગમાં લેવામાં આવતો હતો.પોલીસે ઘટનાસ્થળેથી એક ટ્રક,એક આયસર,બે કાર અને એક મોટરસાયકલ સહિત કુલ ૫૫ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો છે.આટલી મોટી માત્રામાં વાહનો અને દારૂ પકડાતા બુટલેગરોમાં ફફડાટ વ્યાપી ગયો છે અને પોલીસની ત્વરિત કાર્યવાહીના કારણે મોટા કૌભાંડનો પર્દાફાશ થયો છે. મુન્દ્રા પોલીસ મથકમાં આ મામલે આરોપીઓ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.પોલીસ દ્વારા હવે આ દારૂનો જથ્થો ક્યાંથી આવ્યો હતો અને આ નેટવર્ક સાથે જોડાયેલા અન્ય મુખ્ય સૂત્રધારો કોણ છે તે દિશામાં વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.આ સમગ્ર ઘટના કચ્છમાં નશાના કારોબારને ડામવા માટે પોલીસની સક્રિયતા વધી છે.

# મુંબઈમાં ભારે વરસાદથી ઠેર ઠેર ભરાયા પાણી, વાહનચાલકો પરેશાન

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મંગળવારે સવારે નવી મુંબઈમાં ભારે વરસાદને કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. સાનપાડા અને એપીએમસી રોડ વચ્ચે પાણીનું સ્તર દોઢ ફૂટ સુધી પહોંચી ગયું હોવાથી વાહનચાલકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. ગટરની સફાઈ બરોબર ન થવાને કારણે પાણી રોડ પર જ ભરાઈ ગયા હતા. ભારે વરસાદને કારણે નવી મુંબઈના રહેવાસીઓ માટે મુશ્કેલીઓ વધી ગઈ છે. મંગળવારે સવારે ભારે વરસાદને કારણે વિવિધ વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા, જેના કારણે રસ્તાઓ નદી જેવા બની ગયા હતા. તુર્ભે વિસ્તારમાં રહેણાંક સોસાયટીઓના પાર્કિંગ વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ ગયા હતા. ભારે વરસાદને કારણે સાનપાડા વિસ્તારથી એપીએમસી રોડ સુધીના પટમાં પૂર આવ્યું હતું. લગભગ દોઢ ફૂટ સુધીના પાણી ભરાઈ ગયા હતા. રાહદારીઓને રસ્તા પર ચાલવામાં ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. અહેવાલો સૂચવે છે કે ગટરોને યોગ્ય રીતે સાફ કરવામાં નિષ્ફળતાને કારણે પાણીનો પ્રવાહ




અટક્યો હતો, જેના કારણે શેરીઓમાં પાણી ભરાઈ ગયા હતા. નવી મુંબઈમાં વરસાદને કારણે રસ્તા પર પાણી ભરાઈ જવાની આ બીજી ઘટના છે. રહેવાસીઓનો આરોપ છે કે મ્યુનિસિપલ વહીવટીતંત્ર (NMMC) સમયસર ગટર સાફ કરવામાં નિષ્ફળ જાય છે, જેના પરિણામે દર વરસાદની ઋતુમાં આવી પરિસ્થિતિ વારંવાર સર્જાય છે. પાર્કિંગ વિસ્તારોમાં, ઘરોની આસપાસ અને મુખ્ય રસ્તાઓ પર પાણી જમા થવાથી રોજિંદા જીવનમાં ખલેલ પહોંચે છે.

ભારતીય હવામાન વિભાગ (IMD) એ મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં ભારે વરસાદ અને વાવાઝોડાની આગાહી કરી છે. ૩૦ જૂને સવારે ૮:૦૦ વાગ્યે જાહેર કરાયેલા બુલેટિન મુજબ દિવસભર ભારે વરસાદ અને વાદળછાયું આકાશ રહેવાની સંભાવના છે. છેલ્લા ૨૪ કલાકમાં મુંબઈમાં મધ્યમ વરસાદ નોંધાયો હતો. પૂર્વીય ઉપનગરોમાં સૌથી વધુ ૪૦.૬૨ મીમી વરસાદ પડ્યો હતો, જ્યારે ટાપુ શહેરમાં ૨૬.૦૩ મીમી અને પશ્ચિમી ઉપનગરોમાં ૨૨.૪૭ મીમી વરસાદ પડ્યો હતો. ઉલ્લેખનીય છે કે, સવારના પીક અવર્સ દરમિયાન ભારે વરસાદ અને પાણી ભરાવાના કારણે મુંબઈના રસ્તાઓ પર ટ્રાફિક ધીમો પડી ગયો હતો. જોકે, સ્થાનિક ટ્રેન સેવાઓ પર કોઈ અસર પડી નથી. નવી મુંબઈના રહેવાસીઓએ વહીવટીતંત્રને ગટર સાફ કરવા અને પાણીની ડ્રેનેજ સિસ્ટમ સુધારવા વિનંતી કરી છે. તેમણે કહ્યું કે દર ચોમાસામાં પાણી ભરાવાની સમસ્યા ઊભી થાય છે.

**ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ**

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - મંગળવાર, ૩૦/૦૬/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૬૪ | ૧,૧૦૦.૦૦ | ૧,૬૫૫.૦૦ |
| ૨ | એરંડા | ૦ | ૧,૩૯૫.૦૦ | ૧,૪૦૫.૦૦ |
| ૩ | ઘઉં | ૩૬૯ | ૪૮૫.૦૦ | ૫૪૯.૦૦ |
| ૪ | બાજરી | ૯૪ | ૪૪૦.૦૦ | ૪૬૬.૦૦ |
| ૫ | મકાઇ | ૪૦ | ૪૦૦.૦૦ | ૪૮૫.૦૦ |
| ૬ | ચણા | ૧૫ | ૯૭૦.૦૦ | ૧,૧૩૧.૦૦ |
| ૭ | મગ | ૩ | ૧,૧૯૦.૦૦ | ૧,૪૫૦.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.

Email : yunushmemon@gmail.com

# ગાંધીનગરમાં 'ઘન કચરા વ્યવસ્થાપન અધિનિયમ-૨૦૨૬'ના અમલીકરણ માટે રાજ્યકક્ષાનો વર્કશોપ સંપન્ન

નામદાર સુપ્રીમ કોર્ટના દિશાનિર્દેશો અનુસાર, ગુજરાતની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓના પદાધિકારીઓ માટે 'ઘન કચરા વ્યવસ્થાપન નિયમો-૨૦૨૬ના અમલીકરણ અંગે' એક દિવસીય રાજ્યકક્ષાના વર્કશોપનું આયોજન ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિરના ખાતે કરવામાં આવ્યું હતું. તા.૧લી એપ્રિલથી સમગ્ર રાજ્યમાં અમલી બનેલા 'ઘન કચરા વ્યવસ્થાપન અધિનિયમ-૨૦૨૬' ના સુદ્રઢ અમલીકરણ માટે યોજાયેલી આ મહત્વપૂર્ણ કાર્યશાળાનો વિધિવત પ્રારંભ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ તેમજ શહેરી વિકાસ-ગૃહ નિર્માણ રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલાની પ્રેરક ઉપસ્થિતિમાં થયો હતો. શહેરી વિકાસ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, રાજ્યભરમાં સ્વચ્છતા અને જનઆરોગ્યની સુખાકારી માટે ઘન કચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ થવો અનિવાર્ય છે. આ પ્રક્રિયા માત્ર સ્વચ્છ ભારત મિશનની ટીમ પૂરતી સીમિત નથી, પરંતુ રાજ્યના પ્રત્યેક નાગરિકની નૈતિક અને સામાજિક જવાબદારી છે. ચૂંટાયેલા પ્રતિનિધિઓ પ્રજાની સૌથી નજીક હોવાથી તેઓ લોકજાગૃતિ લાવવાનું શ્રેષ્ઠ માધ્યમ છે. નવનિર્વાચિત પદાધિકારીઓએ કેવળ વહીવટકર્તા બનીને રહેવાના બદલે 'ફેસિલિટેશન લીડર' તરીકે આગળ આવીને કાયદાના કડક અમલમાં જનભાગીદારી સુનિશ્ચિત કરવી પડશે. ઐતિહાસિક સંદર્ભો આપતા મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ભૂતકાળની ભોપાલ ગેસ દુર્ઘટના બાદ હવા પ્રદૂષણના કાયદા કડક બનતા ગુજરાતની ઈન્ડસ્ટ્રીઝમાં સી.ઈ.ટી.પી. પ્લાન્ટ ફરજિયાત બન્યા. તેવી જ રીતે, સુપ્રીમ કોર્ટના આદેશથી ઘન કચરા વ્યવસ્થાપન અધિનિયમ-૨૦૨૬ને વધુ કડકતાથી લાગુ કરાયો છે, જેથી કચરાના અયોગ્ય નિકાલથી પેદા થતા આરોગ્ય અને સ્વાસ્થ્યના ગંભીર પડકારોનો સામનો કરી શકાય. તેમણે કચરો ઉપાડવાથી લઈને અંતિમ નિકાલ સુધી જી.પી.એસ. આધારિત વ્હીકલ ટ્રેકિંગ સિસ્ટમની સરાહના કરી હતી અને અંડરગ્રાઉન્ડ ડ્રેનેજ તથા સીવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ -STP પૂર્ણ ક્ષમતાથી કાર્યરત કરવા પર ભાર મૂક્યો હતો.

શહેરી વિકાસ રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલાએ જણાવ્યું હતું કે, કોઈપણ શહેર કે નગરની સ્વચ્છતા વગર ત્યાં થયેલો ગમે તેવો મોટો વિકાસ પણ ઝાંખો પડશે. વિકાસના કામોને ઉજાગર કરવા માટે સ્વચ્છતા અનિવાર્ય શરત છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વયં ઝાડુ પકડીને દેશને સ્વચ્છતાનો જે સંદેશ આપ્યો છે, તેને આગળ ધપાવવો એ આપણી નૈતિક ફરજ છે.

મંત્રીશ્રીએ ઉમેર્યું કે, વર્ષ ૨૦૨૪-૨૫માં ગુજરાત સ્વચ્છતામાં દેશમાં ત્રીજા ક્રમે રહ્યું છે, પરંતુ આપણે સૌએ સાથે મળીને રાજ્યને પ્રથમ ક્રમે લાવવાનું છે. તેમણે પોતાના અમદાવાદના ડેપ્યુટી મેયર તરીકેના કાર્યકાળના અનુભવ અંગે જણાવ્યું કે, સુદ્રઢ આયોજન અને ડોર-ટુ-ડોર કચરા કલેક્શન સિસ્ટમ દ્વારા અમદાવાદને સફળતાપૂર્વક 'કચરાપેટી મુક્ત' બનાવવામાં આવ્યું છે, જે મોડલ અન્ય પાલિકાઓએ પણ અપનાવવું જોઈએ. તેમણે શાળાઓ-કોલેજોમાં બેઠકો, શેરી



નાટકો અને હોર્ડિંગ્સ દ્વારા સ્વચ્છતા અભિયાનને જન-આંદોલન બનાવવા અને જાહેરમાં થૂંકવા તેમજ કચરાના વૈજ્ઞાનિક વર્ગીકરણના નિયમોનું કડક પાલન કરાવવા પદાધિકારીઓને આગ્રહ કર્યો હતો. શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવ શ્રી એમ. થેન્નારસને સ્વાગત પ્રવચન કરતા જણાવ્યું કે, ગુજરાતમાં અંદાજે ૫૦ ટકા વસ્તી શહેરી વિસ્તારમાં વસે છે અને વર્ષ ૨૦૫૦ સુધીમાં આ પ્રમાણ ૬૫ ટકા થવાની સંભાવના છે, જ્યારે રાજ્યના જીડીપીમાં શહેરોનો હિસ્સો ૭૫ થી ૮૦ ટકા જેટલો રહેશે. આથી, આપણી ઉપર કચરા વ્યવસ્થાપન અને સ્વચ્છતાની મોટી જવાબદારી છે.

તેમણે ઉમેર્યું કે, નામ.સુપ્રીમ કોર્ટના નિર્દેશો અનુસાર મોનિટરિંગ કમિટીની રચના કરવામાં આવી છે. હવેથી કચરાને બે નહિ પરંતુ ચાર ભાગમાં – ભીનો કચરો, સૂકો કચરો, સેનિટરી કચરો અને ખાસ કાળજી વાળો કચરો – અલગ કરવો ફરજિયાત બનશે. પ્રથમ તબક્કામાં તમામ સરકારી અને નગરપાલિકાની કચેરીઓ, શાળાઓ અને હોસ્પિટલોમાં ચાર ડબ્બાની સિસ્ટમ તાત્કાલિક લાગુ કરાશે અને આગામી ત્રણ-ચાર મહિનામાં ડોર-ટુ-ડોર કલેક્શનની ગાડીઓને પણ આ મુજબ કન્વર્ટ કરાશે. આ ઉપરાંત, ડમ્પિંગ સાઈટની નોંધણી ફરજિયાત કરાઈ છે અને નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે પેનલ્ટીની જોગવાઈ છે. જુના કચરાના નિકાલ માટે બાયો-માઈનિંગ અને રેમિડિએશનની કામગીરી હાથ ધરાશે, જેનો ઉત્કૃષ્ટ નમૂનો અમદાવાદ-ધોલેરા હાઈવેના નિર્માણમાં કચરાના રિસોર્સ તરીકે ઉપયોગ કરીને પૂરો પાડવામાં આવ્યો છે. તમામ નગરપાલિકાઓની ગાડીઓનું જીપીએસ અને કમાન્ડ કંટ્રોલ સેન્ટર દ્વારા મોનિટરિંગ કરાશે.

આ કાર્યક્રમમાં ગાંધીનગરના મેયરશ્રી મીરાબેન પટેલ, કમિશનર મ્યુનિસિપાલિટી એડમિનિસ્ટ્રેશન શ્રી રમ્યા મોહન,જીપીસીબીના ચેરમેન શ્રી બી.આર.બારડ,મિશન ડાયરેક્ટર શ્રી પુષ્પ લત્તા સહિત વિવિધ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓના નવનિર્વાચિત પદાધિકારીઓ, કમિશનરશ્રીઓ, મુખ્ય અધિકારીઓ અને શહેરી વિકાસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

# વરસાદની ભારે ખેંચથી વાવેતરમાં ૪૦ ટકા ઘટાડોઃ માત્ર ૧ ઈંચ વરસાદથી કૃષિ સંકટ ઘેરાયુંઃ પાણી પહોચાડવા સરકાર તાત્કાલીક પગલા ભરેઃ અમિત ચાવડા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ રાજીવ ગાંધી ભવન ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજી જણાવ્યુ હતુ કે સામાન્ય રીતે દર વરસે જુનની શરૂઆત થી જ મેઘરાજા ધમાકેદાર આગમન કરીને ખેડુતો અને પશુપાલકોના ચહેરા પર ખુશી લાવી દેતા હોય છે. પરંતુ લગભગ ૧૫ વરસ પછી સૌથી નબળુ ચોમાસુ જોવા મળી રહ્યુ છે અને વરસાદ ખેંચાતા ધરતીપુત્રો ભારે ચિંતામાં ડુબ્યા છે.

એક તરફ કુદરત રૂઠી છે તો બીજી તરફ આખા ગુજરાતના કિસાન પરીવારો આર્થિક તંગી, દેવાના બોજ અને વહિવટી અન્યાય સામે રોડ રસ્તા પર ઉતરીને પોતાના હક્કની લડાઈ લડી રહ્યા છે. ખેડુતો અત્યારે ખોટી જમીન માપણી, પોતાના ખેતરોમાં મંજુરી વિના નાંખવામાં આવતા વીજ થાંભલાઓ, ખાતર અને બિયારણની તીવ્ર અછત અને દેવા માફીની પાયાની માંગણીઓ સાથે ચારેય તરફથી સંઘર્ષ કરી રહ્યા છે. એકબાજુ આર્થિક પાયમાલી અને અન્યાય સામેની લડત અને બીજી બાજુ આકાશી આફત જેવા કોરા દુકાળના સંજોગોએ ગુજરાતના જગતના તાત ને પડતા પર પાટુ જેવી અસહ્ય વેદનામાં મુકી દીધા છે. ગત વર્ષ જુન ૨૦૨૫ ની સરખામણીએ ચાલુ વરસે જુન ૨૦૨૬ માં વાવેતરમાં આશરે ૪૦ ટકા જેટલો મોટો ઘટાડો નોંધાયો છે. જેનુ મુખ્ય કારણ વરસાદની ભારે ખેંચ છે. ગયા વરસે આ સમયગાળામાં જયાં ૧૧.૫૫ ઈંચ વરસાદ પડયો હતો , તેની સામે ચાલુ વરસે માત્ર ૧ ઈંચ જેટલો જ વરસાદ થતા ૮૦ થી ૮૫ ટકા જેટલી ચિંતાજનક ઘટ ઉભી થઈ છે.

વરસાદના અભાવે અને નહેરોમાં પાણી ન મળવાને કારણે ખેડુતોએ મહેનત થી તૈયાર કરેલા ઉભા ધરૂવાળીયા પાણી વિના બળી રહ્યા છે અને તેની ગુણવત્તા સતત બગડી રહી છે. ચારેય તરફ આંદોલનો અને ખેડુતોના વિરોધ પ્રદર્શનો છતાં ભાજપ સરકાર આ અંગે ગંભીર પરિસ્થિતિ પ્રત્યે સંવેદનહીન અને ઉદાસીન છે. જેના લીધે જગતનો તાત આજે લાચાર અને હેરાન પરેશાન થઈ રહ્યો છે.આ કપરા સમયે સરકાર પાસે તાકીદે માંગણી કરવામાં આવે છે કે નહેરોમાં તાત્કાલીક પાણી છોડવામાં આવે અને છેવાડાના ગામો તથા ખેતરો સુધી પાણી પહોચે તેવી યુદ્ધના ધોરણે વ્યવસ્થા કરવામાં આવે. ગુજરાતમાં અત્યારે વરસાદ ખેંચાવાના કારણે ઘાસચારા ની ગંભીર અછત ઉભી થઈ છે. જેના કારણે પશુપાલકો અને પશુઓ ઘાસચારાની શોધમાં દર દર ભટકી રહ્યા છે. આવી વિકટ પરિસ્થિતિમાં રાજય સરકારે તાત્કાલીક સમગ્ર ગુજરાતમાં ઘાસચારાની પુરતી વ્યવસ્થા કરવી જોઈએ. સાથે જ સિંચાઈ માટે હાલમાં ખેડુતોને માત્ર ૮ કલાક વિજળી આપવામાં આવે છે તેના બદલે ઓછામાં ઓછા ૧૨ કલાક વીજ પુરવઠો આપવામાં આવે જેથી ટયુબવેલ દ્વારા પાણી ખેંચીને પાક બચાવી શકાય.

સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના મોટાભાગના ડેમોમાં પાણીનો જથ્થો ઘટીને આશરે ૨૦ ટકા જેટલો જ રહ્યો છે. જેના કારણે આગામી દિવસોમાં વરસાદ વધુ મોડો પડે તો પીવાના પાણીની ગંભીર તંગી સર્જાઈ શકે છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છમાં લોકો તથા પશુપાલકોને પીવાના પાણી અને ઘાસચારાના અભાવે સ્થળાંતર કરવાની ફરજ પડે તેવી સ્થિતિ સર્જાઈ રહી છે. દુઃખની વાત એ છે કે આટલી ગંભીર સ્થિતિ હોવા છતાં ભાજપ સરકાર તરફથી હજુ સુધી જરૂરી આગોતરા અને અસરકારક પગલા ભર્યા હોય તેવુ દેખાતુ નથી, તેથી રાજય સરકારને વિનંતી છે કે સમગ્ર પરિસ્થિતિને અત્યંત ગંભીરતાથી લઈને તાત્કાલીક સર્વે કરાવે, થયેલી અને સંભવિત નુકશાનીની યોગ્ય મુલ્યાંકન કરે તેમજ ઘાસચારો, પીવાનુ પાણી, વધારાનો વીજ પુરવઠો અને અન્ય જરૂરી રાહત વ્યવસ્થાઓ યુદ્ધના ધોરણે ઉપલબ્ધ કરાવે, ગુજરાતમાં વર્તમાન સમયમાં ખેડુતો પોતાના હક્ક અને અધિકાર માટે સતત આંદોલન કરી રહ્યા છે.

# ગુજરાતમાં ચાલુ વરસે ૨૦થી વધુ આઈએએસ અધિકારીઓ નિવૃત્ત થશે

પ્રતિનિધિ,ગાંધીનગર




ગુજરાતમાં ૨૦૨૬ ના વર્ષ દરમિયાન કુલ ૨૫ જેટલા નોમીની આઈએએસ અધિકારીઓ નિવૃત્ત થવાના છે.

સામાન્ય રીતે જોવા જઈએ તો દર વરસે નિવૃત્ત થતા આઈએએસ અધિકારીઓની જગ્યા ઉપર બીજા વર્ષના કવોટામાં નોમીની આઈએએસ નુ પ્રમોશન આપવામાં આવતુ હોય છે.

તાજેતરમાં જ ૧૮ અધિકારીઓને આઈએએસ નુ પ્રમોશન આપવામાં આવ્યુ, ગુજરાતમાં ૩૨૫ ની આસપાસ કુલ આઈએએસ સંખ્યાબળ છે. જેમાંથી વન થર્ડ એટલે કે ૩૩ ટકા ગુજરાતના અધિકારીઓને આઈએએસ નુ પ્રમોશન આપી બનાવવામાં આવે છે. જેમાં અત્યાર સુધી સૌથી વધુ ચાલુ વરસે ૨૫ જેટલા નોમીની આઈએએસ અધિકારીઓ નિવૃત્ત થઈ રહ્યા છે. એટલે આગામી વરસે ગુજરાત કેડરના અધિકારીઓને આઈએએસ નુ પ્રમોશન આપવામાં આવશે. આગામી બે વરસ દરમિયાન નોમીની આઈએએસ અધિકારીઓની નિવૃત્તિની સંખ્યા વિશેષ જોવા મળશે. જો કે તેના કારણે હવે પછીના પ્રમોશનમાં નોમીની આઈએએસ ની સંખ્યામાં સતત વધારો થશે.

### માર્ગ પરિવર્તનની સાથે વિશેષ ટ્રેનનું સંચાલન ચાલુ રહેશે

# પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ-દરભંગા અને ગાંધીધામ-ભાગલપુર સ્પેશિયલ ટ્રેનોના ફેરાનું વિસ્તરણ

યાત્રીઓની સુવિધા તથા ગ્રીષ્મકાલીન અને આગામી તહેવારો દરમિયાન વધતી યાત્રા માંગને ધ્યાનમાં રાખતાં પશ્ચિમ રેલવે એ અમદાવાદ-દરભંગા તથા ગાંધીધામ-ભાગલપુર વિશેષ ભાડાની સ્પેશિયલ ટ્રેનોના ફેરાનું વિસ્તરણ કરવાનો નિર્ણય લીધો છે. સાથે જ, ઉત્તર રેલવેના લખનઉ સ્ટેશન પર આરએલડીએ (RLDA) કામને લીધે આ ટ્રેનોનું સંચાલન પરિવર્તિત માર્ગથી કરવામાં આવશે.

● ટ્રેન નંબર ૦૯૪૬૫/૦૯૪૬૬ અમદાવાદ-દરભંગા-અમદાવાદ સાપ્તાહિક સ્પેશિયલ

ટ્રેન નંબર ૦૯૪૬૫ અમદાવાદ-દરભંગા સાપ્તાહિક સ્પેશિયલ (દરેક શુક્રવાર) ના ફેરાનું ૦૩ જુલાઈ, ૨૦૨૬ થી ૩૧ જુલાઈ, ૨૦૨૬ સુધી તથા ટ્રેન નંબર ૦૯૪૬૬ દરભંગા-અમદાવાદ સાપ્તાહિક સ્પેશિયલ (દરેક સોમવાર) ના ફેરાનું ૦૬ જુલાઈ, ૨૦૨૬ થી ૦૩ ઓગસ્ટ, ૨૦૨૬ સુધી વિસ્તરણ કરવામાં આવ્યું છે.

આ ટ્રેન પરિવર્તિત માર્ગ વાયા છાયાપુરી, રતલામ, ઉજ્જૈન, ગુના, બીના, વીરાંગના લક્ષ્મીબાઈ ઝાંસી, ગોવિંદપુરી, ફતેહપુર, પ્રયાગરાજ, જ્ઞાનપુર રોડ, વારાણસી, ઔંડિહાર, ગાજીપુર સિટી, છપરા, મુજફ્ફરપુર અને સમસ્તીપુર થઈને ચાલશે.

● ટ્રેન નંબર ૦૯૪૫૧/૦૯૪૫૨ ગાંધીધામ-ભાગલપુર સાપ્તાહિક સ્પેશિયલ

ટ્રેન નંબર ૦૯૪૫૧ ગાંધીધામ-ભાગલપુર સાપ્તાહિક સ્પેશિયલ (દરેક શુક્રવાર) ના ફેરાનું ૦૩ જુલાઈ, ૨૦૨૬ થી ૩૧ જુલાઈ, ૨૦૨૬ સુધી તથા ટ્રેન નંબર ૦૯૪૫૨ ભાગલપુર-ગાંધીધામ સાપ્તાહિક સ્પેશિયલ (દરેક સોમવાર) ના ફેરાનું ૦૬ જુલાઈ, ૨૦૨૬ થી ૦૩ ઓગસ્ટ, ૨૦૨૬ સુધી વિસ્તરણ કરવામાં આવ્યું છે.

આ ટ્રેન પરિવર્તિત માર્ગ ભચાઉ, સામાખિયાળી, ધ્રાંગધ્રા, અમદાવાદ, નડિયાદ, દાહોદ, રતલામ, ભવાની મંડી, કોટા જંકશન, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, હિન્ડૌન સિટી, બયાના જંકશન, ભરતપુર, મથુરા, હાથરસ સિટી, કાસગંજ, ફર્રૂખાબાદ, કાનપુર સેન્ટ્રલ, ફતેહપુર, પ્રયાગરાજ, જ્ઞાનપુર રોડ, વારાણસી, ઔંડિહાર, ગાજીપુર સિટી, છપરા, હાજીપુર, મુજફ્ફરપુર, સમસ્તીપુર, બરૌની જંકશન, બેગૂસરાય, મુંગેર, સુલ્તાનગંજ અને ભાગલપુર થઈને ચાલશે.

ટ્રેન નંબર ૦૯૪૬૫ અને ૦૯૪૫૧ નું બુકિંગ ૦૧ જુલાઈ, ૨૦૨૬ થી તમામ પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર ઉપલબ્ધ થશે.

યાત્રીઓને જણાવવામાં આવે છે કે યાત્રાથી પહેલાં ટ્રેનના સમય, હોલ્ટ અને અન્ય વિગતોની માહિતી માટે www.enquiry. indian rail. gov.in નું અવલોકન કરે.

# પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળે પલ્સ પોલિયો અભિયાનમાં સર્જ્યો કીર્તિમાનઃ પ્રથમ જ દિવસે ૩,૫૬૯ બાળકોને પોલિયો રસી પિવડાવી પશ્ચિમ રેલવેમાં રહ્યું પ્રથમ સ્થાન




પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળના ચિકિત્સા વિભાગે રાષ્ટ્રીય પલ્સ પોલિયો રસીકરણ અભિયાનમાં ઉત્કૃષ્ટ કામગીરી કરીને નવો કીર્તિમાન સ્થાપ્યો છે. અભિયાનના પ્રથમ જ દિવસે મંડળે ૩,૫૬૯ બાળકોને ઓરલ પોલિયો વેક્સિન (ફ)ની ખુરાક પિવડાવી પશ્ચિમ રેલવેના તમામ મંડળોમાં સર્વાધિક રસીકરણ કરવાનો ગૌરવ પ્રાપ્ત કર્યો છે.

૨૮ જૂન, ૨૦૨૬થી શરૂ થયેલા આ રાષ્ટ્રીય અભિયાનનું સંચાલન મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માના માર્ગદર્શન હેઠળ તથા મુખ્ય ચિકિત્સા અધિક્ષક ડૉ. મનોજ કુમારની દેખરેખમાં કરવામાં આવ્યું હતું. અભિયાનને વધુ અસરકારક અને વ્યાપક બનાવવા માટે મંડલીય રેલવે હોસ્પિટલ, ૧૦ આરોગ્ય એકમો તેમજ રેલવે સ્ટેશનો, ટ્રેનો અને સમગ્ર મંડળમાં કુલ ૫૨ પલ્સ પોલિયો રસીકરણ બૂથ સ્થાપવામાં આવ્યા હતા, જેથી વધુમાં વધુ બાળકો સુધી સરળ અને ઝડપી રીતે પહોંચ સુનિશ્ચિત કરી શકાય.

વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું કે સુવ્યવસ્થિત આયોજન, સમર્પિત કાર્યપદ્ધતિ અને ચિકિત્સા વિભાગની સક્રિય ભાગીદારીના પરિણામે અભિયાનના પ્રથમ જ દિવસે ૩,૫૬૯ બાળકોને પોલિયોની રસીની ખુરાક પિવડાવવામાં આવી હતી. આ સિદ્ધિથી ભાવનગર મંડળે પશ્ચિમ રેલવેના તમામ મંડળોમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે.

બૂથ આધારિત રસીકરણ બાદ ૨૯ અને ૩૦ જૂને વિશેષ અનુવર્તી અભિયાન હાથ ધરવામાં આવ્યું, જેમાં તબીબી ટીમોએ મંડળની તમામ રેલવે કોલોનીઓમાં ઘર-ઘર જઈ સર્વેક્ષણ કર્યું. આ દરમિયાન પ્રથમ દિવસે કોઈ કારણસર રસીકરણથી વંચિત રહેલા બાળકોની ઓળખ કરીને તેમને પણ પોલિયોની ખુરાક પિવડાવવામાં આવી. આ અભિયાનનો મુખ્ય હેતુ પાંચ વર્ષથી ઓછી ઉંમરના દરેક પાત્ર બાળક સુધી પોલિયો વિરોધી રસી પહોંચાડવાનો હતો.

આ નોંધપાત્ર સિદ્ધિ ચિકિત્સા વિભાગના અસરકારક આયોજન, તબીબો, નર્સિંગ સ્ટાફ, પેરામેડિકલ કર્મચારીઓ, આરોગ્ય કર્મચારીઓ અને સ્વયંસેવકોની અથાગ મહેનત તેમજ રેલવે કર્મચારીઓ અને તેમના પરિવારજનોના સક્રિય સહયોગનું પરિણામ છે. મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ જણાવ્યું કે ભાવનગર મંડળનો ચિકિત્સા વિભાગ દરેક બાળકને પોલિયો જેવી ગંભીર અને કાયમી અપંગતા સર્જી શકતી બીમારીથી સુરક્ષિત રાખવા માટે સંપૂર્ણ પ્રતિબદ્ધતા સાથે કાર્ય કરી રહ્યો છે. આ સિદ્ધિ ભારત સરકારના 'પોલિયો મુક્ત ભારત'ના સંકલ્પને સાકાર કરવાની દિશામાં પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળના મહત્વપૂર્ણ અને પ્રશંસનીય યોગદાનને પણ ઉજાગર કરે છે.

# યાત્રીઓની સુવિધા માટે અમદાવાદ મંડળની ૦૩ જોડી ટ્રેનોમાં અસ્થાયી રૂપે અતિરિક્ત કોચ જોડવામાં આવશે

યાત્રીઓની વધતી ભીડ તથા યાત્રા માંગને ધ્યાનમાં રાખતાં પશ્ચિમ રેલવેએ નીચે જણાવેલી ટ્રેનોમાં અસ્થાયી રૂપે અતિરિક્ત કોચ જોડવાનો નિર્ણય લીધો છે. જેની વિગતો નીચે મુજબ છે :

● ટ્રેન નંબર ૨૦૪૮૫/૨૦૪૮૬ સાબરમતી-જેસલમેર-સાબરમતી ઈન્ટરસિટી એક્સપ્રેસમાં ૦૨ એસી ૩-ટિયર અને ૦૧ સ્લીપર કોચ સાબરમતીથી ૦૩ જુલાઈ, ૨૦૨૬ થી ૦૨ ઓગસ્ટ, ૨૦૨૬ સુધી તથા જેસલમેરથી ૦૧ જુલાઈ, ૨૦૨૬ થી ૩૧ જુલાઈ, ૨૦૨૬ સુધી અસ્થાયી રૂપે જોડવામાં આવશે.

● ટ્રેન નંબર ૨૦૪૯૨/૨૦૪૯૧ સાબરમતી-જેસલમેર-સાબરમતી સુપરફાસ્ટ એક્સપ્રેસમાં ૦૨ એસી ૩-ટિયર અને ૦૧ સ્લીપર કોચ સાબરમતીથી ૦૧ જુલાઈ, ૨૦૨૬ થી ૩૧ જુલાઈ, ૨૦૨૬ સુધી તથા જેસલમેરથી ૦૨ જુલાઈ, ૨૦૨૬ થી ૦૧ ઓગસ્ટ, ૨૦૨૬ સુધી અસ્થાયી રૂપે જોડવામાં આવશે.

● ટ્રેન નંબર ૨૦૯૮૭/૨૦૯૮૮ ઉદયપુર સિટી-અસારવા-ઉદયપુર સિટી સુપરફાસ્ટ એક્સપ્રેસમાં ૦૧ સેકન્ડ સીટિંગ કોચ અસારવાથી ૦૨ જુલાઈ, ૨૦૨૬ થી ૦૧ ઓગસ્ટ, ૨૦૨૬ સુધી તથા ઉદયપુર સિટીથી ૦૧ જુલાઈ, ૨૦૨૬ થી ૩૧ જુલાઈ, ૨૦૨૬ સુધી અસ્થાયી રૂપે જોડવામાં આવશે.

યાત્રીઓને જણાવવામાં આવે છે કે તેઓ યાત્રાથી પહેલાં ટ્રેનના સમય, હોલ્ટ અને અન્ય વિગતોની માહિતી માટે www.enquiry. indian rail. gov.in નું અવલોકન કરે.

# આજે તા.૧ જુલાઈ થી ટાટા મોટર્સના કોમર્શિયલ વાહોન પર ૨.૫ ટકાનો વધારો થશે : પેસેન્જર વાહનોના ભાવ પણ વધશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ટાટા મોટર્સ આજે તારીખ ૧ જુલાઈ થી કોમર્શિયલ વાહનોની કિંમતો વધારવાની તૈયારી કરી રહી છે. નવા દરોમાં ૨.૫ ટકા સુધીનો વધારો થઈ શકે છે. સુત્રોના જણાવ્યા અનુસાર ટાટા મોટર્સે કહ્યુ છે કે કોમોડીટી બજારના વધતા ભાવ અને અન્ય ઈનપુટ ખર્ચની અસરને જોતા અમારે આ પગલુ ભરવુ પડશે. ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૬-૨૭ માં કંપની દ્વારા કિંમતોમાં આ બીજો વધારો છે.

ટાટા મોટર્સે ૧૮ જુનના રોજ જારી કરેલા એક નિવેદનમાં જણાવ્યુ હતુ કે નવી કિંમતો તેના સમગ્ર કોમર્શિયલ વાહનોના પોર્ટફોલીયો માં ૧ જુલાઈ થી પ્રભાવિત થશે. કંપનીએ હજુ સુધી મોડલ અનુસાર કિંમતોમાં ફેરફાર જાહેર કર્યો નથી. ટાટા મોટર્સ ભારતમાં નાના કોમર્શિયલ વાહનો, પીકઅપ ટ્રક, મધ્યમવર્તી અને ભારે કોમર્શિયલ વાહનો તેમજ બસોનુ વેચાણ કરે છે. ટાટા મોટર્સે આ નાણાંકીય વર્ષમાં બીજી વખત કોમર્શિયલ વ્હીકલ બિઝનેસ માટે કિંમતોમાં વધારો કર્યો છે. અગાઉ એપ્રિલ મહિનામાં પણ, કંપનીએ કોમોડીટીની વધતી કિંમતો અને ઈનપુટ ખર્ચ ને ટાંકીને તેના કોમર્શિયલ વાહનોના ભાવમાં ૧.૫ ટકાનો વધારો કર્યો હતો. આના થોડા દિવસો પહેલા જ ટાટા મોટર્સે તેના પેસેન્જર વાહનોના પોર્ટફોલીયોના ભાવમાં ૧.૫ ટકા સુધીનો વધારો કરવાની જાહેરાત કરી હતી. પેસેન્જર વાહનોની નવી કિંમતો પણ આજે તારીખ ૧ જુલાઈ થી લાગુ થશે. કંપનીએ આ વધારો ઈનપુટ ખર્ચમાં વધારો અને ફુગાવાના દબાણને આભારી છે. આ વધારો કંપની દ્વારા વેચવામાં આવતા ઈન્ટરનલ કમ્બશન એન્જીન (આઈસીઈ) મોર્ડલ અને ઈલેકટ્રીક વાહનો (ઈવીએસ) બંને પર લાગુ થશે.

કાચા માલની કિંમત (જેમ કે સ્ટીલ, એલ્યુમિનીયમ, પ્લાસ્ટિક અને રબ્બર ) વેતન અને અન્ય ફેકટરી ખર્ચ સહિત કોઈપણ વાહનના ઉત્પાદનની કુલ કિંમતને ઈનપુટ ખર્ચ કહેવામાં આવે છે. જયારે આ વસ્તુઓ આંતરરાષ્ટ્રીય અથવા સ્થાનિક બજારમાં મોંઘી થાય છે. ત્યારે કંપનીઓ અમુક બોજ ગ્રાહકો પર નાંખે છે.

# ૧.૨૭ કરોડના વિવાદમાં મોલ નજીક તલવારોથી ભયાનક હુમલો

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગુજરાતના પાટનગર ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં આવેલા 'આરહા ફિટનેસ જીમ' બહાર સોમવારે મોડી રાત્રે થયેલી લોહિયાળ ગેંગવોર પાછળ સરકારી પદ અપાવવાના નામે થયેલું કરોડોનું કૌભાંડ બહાર આવ્યું છે. રાજસ્થાન ટુરિઝમ કોર્પોરેશન (RTDC) માં ચેરમેન પદની લાલચ આપીને પડાવી લીધેલા કરોડો રૂપિયા પાછા ન આપવા પડે તે માટે પૂર્વ આયોજિત કાવતરું રચીને તીક્ષ્ણ હથિયારો વડે ઘાતકી હુમલો કરવામાં આવ્યો હતો. આ હિંસક હુમલામાં બે યુવકોને શરીરના ભાગે છરી અને ધારીયાના અસંખ્ય ઘા ઝીંકી દેવાતા ચકચાર મચી ગઈ છે. આ મામલે અમદાવાદના નવા નરોડાના રહીશ ઉત્સવ રોહિતકુમાર પટેલે ગાંધીનગરના ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે મુખ્ય સૂત્રધાર સહિત ૧૧ શખ્સોને રાઉન્ડ અપ કર્યા છે.

પોલીસ ફરિયાદની વિગતો મુજબ, આ વિવાદની શરૂઆત એપ્રિલ ૨૦૨૫ માં થઈ હતી, જ્યારે આરોપી મહેન્દ્રસિંહ ખેમચંદ રાઠોડે સરકારી કંપની GACL માંથી ડીલરશીપ અપાવવાનો ભરોસો આપી ફરિયાદીના પિતા પાસેથી ૧૫ લાખ રૂપિયા પડાવ્યા હતા. ત્યારબાદ મહેન્દ્રસિંહે રાજસ્થાન સરકારમાં પોતાની મોટી વગ હોવાનો દાવો કરીને ઉત્સવના પિતાના મિત્ર શિવુજીલાલ ચૌધરીને રાજસ્થાન ટુરિઝમ ડેવલપમેન્ટ કોર્પોરેશનમાં ચેરમેન બનાવવાની લાલચ આપી હતી. આ પદ મેળવવા માટે મહેન્દ્રસિંહ અને તેના પુત્ર અભિમન્યુસિંહે એડવાન્સ પેટે ૫૦ લાખ રૂપિયાની માંગણી કરી હતી. જે નાણાં જાન્યુઆરી ૨૦૨૬ માં ચૂકવી દેવાયા હતા. આમ, કટકે-કટકે કુલ ૧ કરોડ ૧૦ લાખ રૂપિયા પડાવી લીધા બાદ પણ કોઈ કામ થયું નહોતું.

નાણાં ડૂબી જતાં બંને પક્ષો વચ્ચે અગાઉ કોબા સર્કલ ખાતે પણ ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ જૂની અદાવત અને નાણાકીય લેતીદેતીનો કાયમી નિકાલ કરવા માટે ઉત્સવ પટેલના મિત્ર ભરતસિંહ ચંદાવતે આરોપી મહેન્દ્રસિંહને કુડાસણ લેન્ડમાર્ક કોમ્પ્લેક્સ સ્થિત પોતાના જીમ પર વાતચીત માટે બોલાવ્યા હતા. જ્યાં ફરિયાદી પક્ષ હાજર હતો તે જ સમયે મહેન્દ્રસિંહ અને તેનો પુત્ર અભિમન્યુસિંહ પૂર્વ આયોજિત પ્લાન મુજબ બીજા ૧૦ જેટલા સશસ્ત્ર માણસોને ટુ-વ્હીલર પર લઈને ધસી આવ્યા હતા. આ ટોળાએ "વારંવાર શા માટે રૂપિયા માંગો છો, આજે જ તમારો હિસાબ પૂરો કરી દઈએ" તેમ કહીને તીક્ષ્ણ હથિયારોથી હુમલો કરી દીધો હતો. હુમલાખોરોએ ક્રૂરતાની હદ વટાવી મહેન્દ્રસિંહે તીક્ષ્ણ છરી વડે ભરતસિંહના બંને હાથના કાંડા કાપી નાખ્યા હતા, જ્યારે અભિમન્યુસિંહે પીઠના ભાગે આખી છરી હુલાવી દેતા ભરતસિંહ લોહીલુહાણ થઈને ઢળી પડ્યા હતા. મિત્રને બચાવવા વચ્ચે પડેલા ફરિયાદી ઉત્સવ પટેલને પણ આરોપીઓએ પેટ અને હાથ-પગના ભાગે છરીના અનેક ઘા ઝીંકી દીધા હતા. આ ઉપરાંત, ટોળામાં આવેલા અન્ય શખ્સોએ લાકડીઓ અને ધોકા વડે ફરિયાદીની મોંઘીદાટ વોક્સવેગન કારના પણ કચ્ચરઘાણ વાળી દીધા હતા. બૂમાબૂમ થતાં સ્થાનિકોએ પોલીસ અને એમ્બ્યુલન્સને જાણ કરતા હુમલાખોરો જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી છૂટ્યા હતા.

**પશ્ચિમ રેલ્વે**

**વિવિધ કાર્યો**

ડિવિઝનલ રેલ્વે મેનેજર (WA), પશ્ચિમ રેલ્વે, છઠ્ઠો માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ -400 008, ક્રમાંક નં. 1 ને આમંત્રણ આપે છે.ઈ-ટેન્ડર સૂચના નં.: BCT/26-27/81 તારીખ 26/06/2026. કાર્ય અને સ્થાન: વિરાર-જોરાવાસન વિભાગ: ADEN/દહાણુ રોડના અધિકારક્ષેત્ર હેઠળ વૈતર્ણ, સાફલે, કેલ્વે રોડ, બોઈસર અને ધોલવાડ ખાતે હાઇલેવલ પેસેન્જર પ્લેટફોર્મનું વિસ્તરણ. અંદાજિત કાર્ય ખર્ચ: ₹ 12,47,98,040.32/- EMD: ₹ 24,96,000/-. ક્રમાંક: 2. ઇ-ટેન્ડર સૂચના ક્રમાંક: BCT/26-27/82 તારીખ.26/06/2026, કાર્ય અને સ્થાન: (I) વિરાર-જોરા-વાસન-TSR(P)-33.724 Tkm. (ii) વિરાર-જોરા-વાસન- TFTR-33.345 Tkm. અંદાજિત કાર્ય ખર્ચ: ₹ 9,88,62,552.02/- EMD: ₹ 19,77,300/- બંને ટેન્ડર સબમિટ કરવાની તારીખ અને સમય: તા.24.07.2026 ના 15:00 કલાક સુધી. બંને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: તા.24.07.2026 ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.iraps.gov.in ની મુલાકાત લો.

0320

અમને લાઈક કરો: facebook.com/WesternRly

### સ્થાનિક સંગઠનના મેમોરેન્ડમ બાદ વિવાદ વકર્યો

# અરુણાચલ સરહદે ચીનની ઘૂસણખોરીના દાવા ભારતીય સેનાએ ફગાવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય સેનાએ સોમવારે તે મીડિયા અહેવાલોને સખત શબ્દોમાં નકારી કાઢ્યા છે, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે ચીનની પીપલ્સ લિબરેશન આર્મી (PLA) એ અરુણાચલ પ્રદેશમાં ઘૂસણખોરી કરીને ભારતીય ક્ષેત્રની અંદર પોતાના સૈન્ય કેમ્પ સ્થાપી દીધા છે. ભારતીય સેનાએ સત્તાવાર નિવેદન જારી કરીને આ તમામ અહેવાલોને સદંતર "ખોટા અને કોઈપણ આધાર વિનાના" ગણાવ્યા છે. સેનાએ સ્પષ્ટ કર્યું છે કે, સરહદ પર સુરક્ષા વ્યવસ્થા સંપૂર્ણપણે ચુસ્ત છે અને ભારતીય સૈનિકો દેશની સરહદોની સુરક્ષા કરવા માટે સક્ષમ છે. આ વિવાદની શરૂઆત ત્યારે થઈ જ્યારે કેટલાક મીડિયા આઉટલેટ્સમાં અહેવાલ આવ્યા કે અરુણાચલ પ્રદેશના અપર સુબનસિરી જિલ્લાના ડેપ્યુટી કમિશનરને 'નાહ વેલફેર સોસાયટી'દ્વારા એક મેમોરેન્ડમ સોંપવામાં આવ્યું છે. આ મેમોરેન્ડમમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે ચીનની સેનાએ અરુણાચલ પ્રદેશના ટાક્સિંગ સરહદી વિસ્તારોમાં ધીમે-ધીમે પોતાની હાજરી વધારી દીધી છે. સંગઠનનો દાવો હતો કે ચીને છેલ્લા ૬ વર્ષમાં નાહ આદિવાસી સમુદાયની પરંપરાગત ગૌચર, શિકાર અને ખેતીની જમીન પર મોટા પાયે કબજો જમાવી લીધો છે. NWS ના પ્રમુખ કેરુ ચાદરે મેમોરેન્ડમમાં જણાવ્યું હતું કે, જે વિસ્તારોમાં સ્થાનિક લોકો અગાઉ મુક્તપણે હરી-ફરી શકતા હતા અને વન પેદાશો એકત્ર કરતા હતા, તે હવે ચીનની સેનાના નિયંત્રણમાં છે. સંગઠને એવો પણ આક્ષેપ કર્યો હતો કે ચીને સરહદી ક્ષેત્રમાં રસ્તા, પુલ અને સૈન્ય કેમ્પ બનાવીને પોતાનો પ્રભાવ વધાર્યો છે. વર્ષ ૨૦૨૦ સુધી સમુદાયના નિયંત્રણ હેઠળ રહેલા ઓયિંગ (અસાફિલા વિસ્તાર), પનિયાર, મરપન, પોત્રાંગ તળાવ અને ટિન્ડિંગટાંગ જેવા ધાર્મિક અને પવિત્ર સ્થળો પર ચીની સૈન્યની ગતિવિધિઓ ચિંતાજનક હોવાનો દાવો કરાયો હતો. જો કે, ભારતીય સેનાએ આ તમામ આશંકાઓ અને અહેવાલોને ફગાવીને સરહદે સ્થિતિ નિયંત્રણમાં હોવાનું જણાવ્યું છે. આ દરમિયાન સરહદી વિસ્તારોમાં શાંતિ જાળવી રાખવા માટે રાજદ્વારી પ્રયાસો પણ ચાલુ છે. ગયા મહિને જ બેઈજિંગ ખાતે ભારત-ચીન સરહદ બાબતો પર પરામર્શ અને સંકલન માટેની સંસ્થાકીય પદ્ધતિ ની ૩૫મી બેઠક યોજાઈ હતી. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ બેઠક અત્યંત "રચનાત્મક અને સકારાત્મક" રહી હતી. બંને પક્ષોએ સરહદી વિસ્તારોની સ્થિતિની સમીક્ષા કરી હતી અને ત્યાં શાંતિ તેમજ સ્થિરતા જાળવવા માટે થઈ રહેલી પ્રગતિ અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. દ્વિપક્ષીય સંબંધોને સામાન્ય બનાવવા માટે બંને દેશો સરહદ વ્યવસ્થાપન અને ક્રોસ-બોર્ડર સહયોગના મુદ્દાઓ પર સતત ચર્ચા કરી રહ્યા છે.

# સુરેન્દ્રનગરના પૂર્વ કલેક્ટર રાજેન્દ્ર પટેલને ઝટકો, PMLA કેસમાં જામીન અરજી ફગાવી

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગરના પૂર્વ કલેક્ટર રાજેન્દ્ર પટેલ સામેના કથિત કૌભાંડ કેસમાં ગુજરાત હાઈકોર્ટે મોટો ઝટકો આપ્યો છે.કોર્ટે PMLA કેસમાં રાજેન્દ્ર પટેલની જામીન અરજી ફગાવી દેતા તેમને હાલ જેલમાં જ રહેવું પડશે.કોર્ટે પોતાના અવલોકનમાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે,જે અધિકારીઓ પોતાની સત્તાનો દુરુપયોગ કરે છે તેઓ જામીન મેળવવા માટે પાત્ર ગણી શકાય નહીં. સુનાવણી દરમિયાન એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા કરવામાં આવેલી રજૂઆત પર હાઈકોર્ટે ગંભીર નોંધ લીધી હતી.

EDએ કોર્ટ સમક્ષ ચોંકાવનારા પુરાવા રજૂ કરતા દાવો કર્યો હતો કે,રાજેન્દ્ર પટેલે તપાસની પ્રક્રિયામાં અવરોધ ઊભો કરવા અને પુરાવાનો નાશ કરવા માટે ગૂગલ સર્ચ કર્યા હતા.આ પ્રકારની હરકતો તેમની ગુનાહિત માનસિકતા અને પુરાવાઓ સાથે ચેડાં કરવાની કોશિશ દર્શાવે છે.તપાસ એજન્સીએ વધુમાં ખુલાસો કર્યો હતો કે, પૂર્વ કલેક્ટરના મોબાઈલ ફોનમાંથી ૮૦૦થી વધુ ફોટા મળી આવ્યા છે. જે ગેરરીતિઓ તરફ ઈશારો કરે છે.આ ડિજિટલ પુરાવાઓ કેસની તપાસમાં મહત્વની કડી બની રહ્યા છે. હાઈકોર્ટે EDની આ દલીલોને ધ્યાનમાં રાખ્યા હતાં, કોર્ટે સુનાવણી દરમિયાન કહ્યું હતું કે,આરોપી સામેના આરોપો ગંભીર છે અને તપાસ હજુ પણ મહત્વના તબક્કે હોવાથી તેમને મુક્ત કરવા યોગ્ય નથી.જાહેર હોદ્દા પર બેઠેલી વ્યક્તિ જ્યારે સત્તાનો દુરુપયોગ કરે છે ત્યારે સમાજમાં ન્યાય પ્રત્યેની આસ્થા ડગે છે. સત્તાનો દુરુપયોગ કરનાર વ્યક્તિ જામીન મેળવવા માટે હકદાર નથી.

# ગુજરાતના ઉદ્યોગ મંત્રી ડો. જયરામ ગામીતને હાર્ટ એટેકઃ સુરતની મૈત્રી હોસ્પિટલમાં સફળ સર્જરી




પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના રાજકારણમાંથી એક ચિંતાજનક સમાચાર પ્રાપ્ત થયા છે. રાજયના ઉદ્યોગમંત્રી ડો. જયરામ ગામીતને અચાનક હાર્ટ એટેક આવતા તેમને તાત્કાલીક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. હાલમાં તેઓ સુરતની જાણીતી મૈત્રી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. મળતી માહિતી મુજબ ડો. જયરામ ગામીતને અચાનક છાતીમાં તીવ્ર દુઃખાવો ઉપડયો હતો. તબિયત લથડતાં જ તેમના પરીવારજનો અને સ્ટાફ દ્વારા કોઈપણ પ્રકારની સમય બગડયા વિના તેમને તાત્કાલીક સુરતની મૈત્રી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જયાં તબીબોની ટીમે સમય સુચકતા વાપરીને તાત્કાલીક સારવાર શરૂ કરી દીધી હતી. મૈત્રી હોસ્પિટલના કાર્ડિયોલોજીસ્ટ અને નિષ્ણાંત તબીબોની ટીમ દ્વારા ડો. ગામીતની સ્થિતિ તપાસીને તાત્કાલીક હાર્ટ સર્જરી કરવાનો નિર્ણય લેવાયો હતો. હોસ્પિટલના સુત્રો પાસેથી મળતી વિગતો અનુસાર તેમની હાર્ટ સર્જરી સફળતા પૂર્વક સંપન્ન થઈ ગઈ છે. હોસ્પિટલે આપેલા બુલેટીંન પ્રમાણે સર્જરી સફળ રહી છે, ઓપરેશન બાદ હાલમાં મંત્રીને આઈસીયુ (ઈન્ટેન્સિવ કેર યુનિટ) માં રાખવામાં આવ્યા છે. જયાં નિષ્ણાંત તબીબોની ટીમ દ્વારા તેમની સઘન દેખરેખ રાખવામાં આવી રહી છે. હાલ તેમની તબિયત સ્થિર છે. ડો. જયરામ ગામીતને હાર્ટ એટેક આવ્યાના સમાચાર વાયુવેગે ફેલાતા જ તેમના સમર્થકો, પક્ષના કાર્યકરો અને શુભેચ્છકોમાં ચિંતાનુ મોજુ ફરી વળ્યુ છે. સોશીયલ મીડીયાથી લઈને વિવિધ સ્થળોએ લોકો તેમના વહેલી તકે સ્વસ્થ થવાની અને દિર્ઘાયુ ની પ્રાર્થના કરી રહ્યા છે. હોસ્પિટલ પ્રશાસન દ્વારા લોકોને અફવાઓથી દુર રહેવા અને શાંતિ જાળવી રાખવા અપીલ કરવામાં આવી છે.

# દેશભરમાંથી છ કરોડ મતદારોના નામ મતદાર યાદીમાંથી દૂર કરાયા અને હજુ વધુ નામો દૂર કરાશે

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન)ની પ્રક્રિયા શરૂ થયાને એક વર્ષથી વધુ સમય વીતી ગયો છે અને હાલમાં ૧૯ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આ પ્રક્રિયા હાલ ચાલી રહી છે. જ્યારે મળતા અહેવાલો અનુસાર અત્યાર સુધીમાં SIR ની પ્રક્રિયાને કારણે ૬ કરોડ જેટલા અધધધ!! નામો મતદારયાદીઓમાંથી દૂર કરવામાં આવ્યા છે. અને આ એક ગંભીર બાબત છે કે જેનાથી એ સવાલ ઉભો થાય છે કે શું આટલા બધા લોકો ખરેખર મતદાન કરવા માટે અયોગ્ય છે? અહીં સૌથી મોટી ચિંતા એ છે કે જેમના નામ યાદીમાંથી કાઢી નાખવામાં આવ્યા છે તેમના માટેનું ભવિષ્ય શું છે? ઉપરાંત તેમને મતદાન કરવા માટે અયોગ્ય માનવામાં આવે છે તો આ તેમના અન્ય અધિકારોને કેવી અસર કરશે? આ પ્રશ્ન પણ મહત્વપૂર્ણ છે કારણ કે પશ્ચિમ બંગાળ અને બિહારમાં તાજેતરની વિધાનસભા ચૂંટણીઓ પછી અહેવાલો બહાર આવ્યા છે કે બંને રાજ્યોમાં સુધારેલી મતદાર યાદી માંથી ડેટા લઈને હવે સરકારી સામાજિક સુરક્ષા યોજનાઓમાં સમાવિષ્ટ કરવામાં આવશે. એટલે કે આ નવી મતદાર યાદીમાં જેમના નામ હશે એમને સરકારી યોજનાઓના લાભ મળશે અને જેમને બાકાત કરવામાં આવ્યા છે એવા આવી યોજનાઓના લાભથી દૂર રહેશે એવી શંકા ઉત્પન્ન થઈ રહી છે. આમ યાદીમાંથી બાકાત રાખવામાં આવેલા લોકો હવે તેમના નાગરિકત્વના દરજ્જા વિશે ચિંતિત છે. કારણ કે તેઓ સરકારી કલ્યાણકારી યોજનાઓની લાભાર્થી યાદી માંથી બહાર થવાના જોખમનો સામનો પણ કરે છે. પરિણામે તેમનું ભવિષ્ય જોખમમાં મુકાઈ શકે છે. ચૂંટણી પંચની જવાબદારી છે કે કોઈપણ લાયક વ્યક્તિને ટેકનિકલ કારણોસર અથવા સમયસર દસ્તાવેજો એકત્રિત કરવામાં અસમર્થતાને કારણે મતદાન કરવાનો અધિકાર નકારવામાં ન આવે. એ યાદ રાખવું જોઈએ કે લોકશાહી ખરેખર ત્યારે જ ખીલે છે જ્યારે લાયક નાગરિકોના મતદાન અધિકારોનું રક્ષણ કરવામાં આવે અને ચૂંટણીઓ ન્યાય અને પારદર્શક રીતે કરવામાં આવે ત્યારે જ સાચી લોકશાહીના દર્શન થશે.

# આજે કેબિનેટમાં વીજપોલ આંદોલનકારીયો માટે સરકાર નવી પોલિસી લાવે તેવી શકયતાઃ ઉર્જા મંત્રી કૌશિક વેકરીયાએ યોજી હાઈલેવલ બેઠક



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં વીજ પોલના વળતરને લઈને ચાલી રહેલા આંદોલન વચ્ચે એક સૌથી મોટા આંદોલનકારીયો માટે સરકાર દ્વારા આજે કેબિનેટમાં જાહેરાત કરવામાં આવે તેવી શકયતા છે.

આ વિવાદનો સુખદ અંત લાવવા માટે હવે રાજય સરકાર સક્રિય થઈ છે અને ખેડુતો તેમજ જમીન માલીકો માટે એક નવી પોલિસી જાહેર કરવા તરફ આગળ વધી રહી છે.

સુત્રોના જણાવ્યા અનુસાર વીજ પોલના વળતર દરમાં મોટો સુધારો કરવા પર સરકાર વિચારણા કરી રહી છે. આ વિવાદને ડામવા અને વચગાળાનો રસ્તો કાઢવા માટે ગાંધીનગર ખાતે આજે મંગળવારે ઉર્જા મંત્રી કૌશિક વેકરીયા અને ઋષીકેશ પટેલ દ્વારા એક વરીષ્ઠ અધિકારીઓ સાથેની હાઈલેવલ બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં વીજ પોલના કારણે જમીનને થતા નુકશાન અને તેના બદલામાં ચુકવવામાં આવતા વળતર માળખાની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. મંત્રીએ અધિકારીઓને એવી નીતી ઘડવા સુચના આપી છે જેનાથી આંદોલનકારીયો સંતુષ્ટ થાય,

આ વીજપોલ વિવાદનો મુદ્દો એટલો ગંભીર બન્યો છે કે આજે બુધવારે મળનારી કેબિનેટ બેઠકમાં પણ આ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી શકે છે. મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં મળનારી આ બેઠકમાં નવી વળતર નીતીના પ્રસ્તાવને મંજુરી મળી શકે છે. જો કેબિનેટ આ પોલિસી પર મહોર મારસે તો રાજયમાં છેલ્લા ઘણા સમયથી ચાલી રહેલા આ વીજપોલ વિરોધી આંદોલનનો સત્તાવાર અંત આવી શકે છે.

### સફાઈની ફરિયાદો પ્રત્યે ઉદાસીન રહેતા તંત્રનો

# અનોખો વિરોધ કરી આગરાના BJP નગરસેવકે ગટરના પાણીમાં ઊભા રહી કેક કાપીને જન્મદિન મનાવ્યો

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

આગરામાં BJP ના નગર સેવક કિશન નાયકે પોતાની સફાઈની ફરિયાદોને અવગણતા તંત્ર સામે વિરોધ કરવા પાણીથી ઉભરાતી ગટરમાં ઊભા રહીને પોતાનો જન્મદિવસ ઉજવ્યો હતો.આ પ્રતિકાત્મક વિરોધનો હેતુ રહેવાસીઓ દ્વારા સામનો કરવામાં આવતી સતત ગટર વ્યવસ્થા ની સમસ્યાઓને ઉજાગર કરવાનો હતો. કિશન નાયકે આરોપ લગાવ્યો હતો કે ખુલ્લી ગટર અને અસ્વચ્છ સ્થિતિ અંગે વારંવાર ફરિયાદો કરવા છતાં સુઘરાઈ કાર્યવાહી કરવામાં નિષ્ફળ ગઈ છે.

અધિકારીઓને નિષ્ક્રિયતાને કારણે તેમણે વિરોધની અપરંપરાગત પદ્ધતિ અપનાવવાની ફરજ પડી હતી. આ ઘટનાએ નાગરિક માળખાગત સુવિધાઓની સ્થિતિ અને લાંબા સમયથી ચાલતી જાહેર ફરિયાદો પ્રત્યે સ્થાનિક અધિકારીઓની લાપરવાહી પર ચર્ચા જગાવી છે.

# વડોદરા જિલ્લામાં સગા બાપે જ ૧૩ વરસની દિકરીને પીંખી નાંખીઃ મોઢામાં ડુચો દઈ દુષ્કર્મ આચર્યુઃ ગુજરાતમાં માનવતાને શરમાવે તેવી ઘટના




પ્રતિનિધિ,ગાંધીનગર

વડોદરા જિલ્લાના ડેસર તાલુકાના એક ગામમાંથી માનવતાને શરમાવે તેવી અને પિતા પુત્રીના પવિત્ર સંબંધોને કલંકીત કરતી એક અત્યંત આઘાતજનક અને હૃદયકંપાવનારી ઘટના બહાર આવી છે. ડેસર તાલુકામાં એક સગા નરાધમ પિતાએ તમામ મર્યાદાઓ ઓળંગીને પોતાની જ ૧૩ વરસ અને ૨ મહિનાની સગીર વયની માસુમ દિકરીને હવસનો શિકાર બનાવી છે.

આ ચકચારી મામલો પ્રકાશમાં આવ્યા બાદ સમગ્ર પંથકમાં અરેરાટી સાથે ભારે રોષ ફાટી નિકળ્યો છે. આ અમાનવીય કૃત્ય અંગે સગીરાની પીડીત માતાએ હિંમત દાખવીને ડેસર પોલીસ સ્ટેશનમાં નરાધમ પતિ વિરૂધ્ધ કાયદેસરની ગુન્હાહીત ફરીયાદ નોંધાવી છે.

પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરીયાદ મુજબ ગઈ તારીખ ૨૮ જુનના રોજ સાંજના સમયે કપડાં લેવા જેવી સામાન્ય બાબતે પતિ અને પત્ની વચ્ચે ઘરમાં ઉગ્ર બોલાચાલી અને ઝઘડો થયો હતો. આ કૌટુંબિક ઝઘડો વધુ ન વધે અને મામલો શાંત પડે તેવા આશયથી પત્ની ઘરની નજીક જ સીમમાં આવેલા તેમના એક મહિલા સંબંધી (બહેન) ના ઘરે થોડો સમય માટે ચાલી ગઈ હતી. તે સમયે ઘરમાં તેમની ૧૩ વરસની માસુમ દિકરી અને ૧૦ વરસનો નાનો દિકરો જ હાજર હતા. જેનો ફાયદો ઉઠાવીને પિતાએ રાક્ષસી કૃત્ય આચરવાનુ કાવતરૂ ઘડયુ હતું.

રાત્રીના આશરે ૧૨ વાગ્યાની આસપાસ જયારે સગીરાની માતા પોતાની બહેન સાથે સીમમાં ઘરે પરત ફરી, ત્યારે ઘરની સ્થિતિ જોઈને તેમના હોંશ ઉડી ગયા હતા. ઘરનો મુખ્ય દરવાજો ન હોવાથી ત્યાં આડો રાખેલો ખાટલો અને પડદો હટાવીને જેવા તેઓ અંદર પ્રવેશ્યા, કે સામે રૂમમાં પિતા પોતાની જ સગીર દિકરી પર જબરદસ્તી થી દુષ્કર્મ ગુજારી રહ્યો હતો. માસુમ દિકરી બુમાબુમ ન કરી શકે તે માટે નરાધમ પિતાએ તેના મોઢામાં કાપડનો ડુચો ઠાંસી દીધો હતો. અચાનક પત્ની અને સાળી ને રૂમમાં જોઈ જતા જ નરાધમ પિતા પકડાઈ જવાના ડર થી ત્યાંથી પોતાનુ પેન્ટ સરખુ કરતો ભાગી છુટયો હતો. આ ભયાનક અને કાળજુ કંપાવી દે તેવુ દ્રશ્ય જોયા બાદ આઘાતમાં સરી પડેલી માતાએ તાત્કાલીક દિકરી પાસે દોડી જઈને તેના મોઢામાંથી કાપડનો ડુચો બહાર કાઢયો હતો. માતાએ દિકરીને કપડાં પહેરાવી, ગળે વળગાડીને શાંત પાડી હતી, ત્યારબાદ પીડીત સગીરાએ રડતા રડતા પોતાની માતા સમક્ષ આપવીતી જણાવતા કહ્યુ હતુ કે નાનો ભાઈ સુઈ ગયા પછી પિતાએ અચાનક મારી પાસે આવીને મને પકડી લીધી હતી, મે વિરોધ કર્યો તો મને જબરદસ્તી થી જમીન પર સુવડાવી દીધી અને મોઢામાં કપડુ નાખી, હાથ મજબુતાઈથી પકડી રાખીને મારી મરજી વિરૂધ્ધ શારીરિક સંબંધ બાંધ્યો હતો. આ હેવાનીયતભર્યા કૃત્યની જાણ થયા બાદ પીડીતાની માતાએ પોતાની બહેન અને બનેવીને સાથે રાખીને મોડી રાત્રે જ ડેસર પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો અને આરોપી વિરૂધ્ધ સગીર દિકરી પર બળાત્કાર ગુજારવા બદલ પોકસો સહિતની કડક કલમો હેઠળ ગુન્હો દાખલ કરાવ્યો હતો. આ અત્યંત સંવેદનશીલ કેસ ની ગંભીરતાને ધ્યાને લઈને ડેસર પીઆઈ કે સી પટેલ પોતે આ કેસની આગળની તપાસ ચલાવી રહ્યા છે. પોલીસે ભોગ બનનાર સગીરાના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય ને ધ્યાનમાં રાખી તાત્કાલીક તેનુ તબીબી પરીક્ષણ (મેડીકલ ટેસ્ટ) કરાવવાની તજવીજ હાથ ધરી હતી. આ સાથે જ ઘટના બાદથી જ સીમ અને અવાવરૂ વિસ્તારોમાં નાસી છુટેલા કળીયુગી પિતાને ઝડપી પાડી જેલના સાળીયા પાછળ ધકેલવા માટે પોલીસે અલગ અલગ ટીમો બનાવી ચક્રો ગતિમાન કર્યા છે.

# વરસાદના વિલંબ થી કચ્છનુ જળસંકટ વધુ ઘેરૂ બન્યું : ૫ ડેમ તળીયા ઝાટક



પ્રતિનિધિ,ગાંધીનગર

અલનીનોની અસર તળે આ વખતે દેશના અનેક વિસ્તારોમાં ચોમાસાનુ આગમન વિલંબમમાં મુકાયુ છે.

સામાન્ય રીતે કચ્છમાં ૨૦ થી ૨૫ જુન વચ્ચે ચોમાસુ બેસી જતુ હોય છે. પણ આ વખતે મુંબઈમાં પણ હજુ નૈઋત્યના ચોમાસાનો સત્તાવાર પ્રવેશ હજુ થયો નથી. વરસાદનુ આગમન લંબાતા કચ્છમાં સૌથી વધુ વિકટ સ્થિતિ જળસંગ્રહના ક્ષેત્રે થવાની છે.

જિલ્લામાં મધ્યમ સિંચાઈના ડેમોમાં માત્ર ૨૭ ટકા, તો નાની સિંચાઈના ડેમોમાં માત્ર ૧૩ ટકા જ જથ્થો બચ્યો છે. વરસાદનુ આગમન હજુ ખેંચાય તો કચ્છમાં જળસંકટની સ્થિતિ વધુ કપરી બને તેમ છે. સિંચાઈ વિભાગમાંથી મળેલા સત્તાવાર આંકડા અનુસાર મધ્યમ સિંચાઈ યોજનાના ૨૦ ડેમમાં હાલ માંડ ૮૮.૧ મીલીયન કયુબીક મીટર પાણીનો જથ્થો બચ્યો છે. જે કુલ જળસંગ્રહ ક્ષમતાના ૨૭ ટકા જેટલો થવા જાય છે. રાજયમાં ઝોન વાઈઝ સ્થિતિ જોવા જઈએ તો સૌથી ઓછો જળસંગ્રહ કચ્છમાં થયો છે. ગત વર્ષની સરખામણીએ આ વરસે ૨ ટકા ઓછુ પાણી સંગ્રહિત છે. ૨૦ પૈકીના ૫ ડેમ કાલીયા, રૂદ્રમાતા, કાસવતી, નિરોણા અને ગજોડ ડેમ એવા છે કે જે સાવ તળીયાઝાટક થઈ ગયા છે. તો કુલ ડેમના ૫૦ ટકા ડેમ એવા છે કે જેમાં ૩૦ ટકા આસપાસનો પાણીનો જથ્થો માંડ બચ્યો છે. ૫ જ ડેમ એવા છે કે જેમાં કંઈક અંશે પુરતા પ્રમાણમાં જળનો જથ્થો સંગ્રહિત છે.

મધ્યમ ડેમોની સરખામણીએ કચ્છમાં નાની સિંચાઈના ડેમોની સ્થિતિ વધુ ખરાબ દેખાઈ રહી છે. જિલ્લા પંચાયત સિંચાઈ વિભાગમાંથી મળેલા આંકડા પર નજર કરીએ તો ૧૭૦ માં થી ૧૧૯ ડેમમાં તળીયા દેખાઈ રહ્યા છે. ૧૦૬૯૧ મીલીયન કયુબીક મીટરની સંગ્રહ ક્ષમતા સામે માંડ ૧૪૩૪ એમસીએફટી પાણીનો જથ્થો બચ્યો છે. નાની સિંચાઈના ડેમોની ટકાવારી ૧૩ ટકા થવા જાય છે. જેમાંથી ઉપયોગમાં લઈ શકાય તેવો જીવંત જથ્થો માંડ ૮ ટકા જેટલો છે. કચ્છમાં વરસાદ ખેંચાયો અને આગામી સપ્તાહ દરમિયાન પણ સાર્વત્રિક વરસાદનો રાઉન્ડ આવે તેવી શકયતા ઓછી દેખાઈ રહી છે. હાલની પરિસ્થિતિને ધ્યાને લઈએ તો જુલાઈના પ્રથમ પખવાડીયા સુધી હાલ ઉપલબ્ધ પાણીનો જથ્થો ચાલી શકે તેમ છે. એ પછીય જો વરસાદ સાર્વત્રિક નહી વરસે તો જળસંકટ કપરૂ બનવાના સ્પષ્ટ એંધાણ વર્તાઈ રહ્યા છે.

# બિલાડીને દુધના રખોપો સોંપાતા હશે કંઈ? કહી કોંગ્રેસે ડે.કમિશ્નરને રમકડાંની બિલાડી ભેટ આપી



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

જંગલેશ્વર મેગા ડીમોલેશનના ખાણી પીણીના ખર્ચના બીલ મામલે સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમ રચવા વિપક્ષ કોંગ્રેસ દ્વારા આવેદનપત્ર પાઠવી માંગ રજુઆત કરાઈ હતી. જો મ્યુનિસીપલ અધિકારીઓની તપાસ ટીમ તપાસ કરે તો સત્ય બહાર નહી આવે તેવી શંકા દર્શાવી હતી. તેમજ બિલાડીને દુધના રખોપા સોંપાતા હશે કંઈ ? તેવુ કહી ડે. કમિશ્નરને રમકડાંની બિલાડી ભેટ આપી વિરોધ પ્રદર્શન કર્યુ હતું.

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા પ્રમુખ રાજદીપસિંહ જાડેજાની આગેવાની હેઠળ મ્યુનિસીપલ કમિશ્નરને સંબોધીને લખેલા અને ડે. કમિશ્નરને પાઠવેલા આવેદનપત્રમાં જણાવ્યુ છે કે જંગલેશ્વર મેગા ડીમોલેશનની કામગીરી દરમિયાન રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલા ખર્ચને લગતી જે વિગતો જાહેર થઈ રહી છે તે અત્યંત ગંભીર, ચિંતાજનક અને જાહેર હિતને સ્પર્શતી છે. જાહેર નાણાંના ઉપયોગમાં સંપૂર્ણ પારદર્શિતા અને જવાબદારી હોવી આવશ્યક છે. પરંતુ ડીમોલેશનના નામે રજુ થયેલા વિવિધ બીલો અને ખર્ચ અંગે સમગ્ર રાજકોટ શહેરમાં અને અનેક ગંભીર સવાલો ઉભા થયા છે. આ માત્ર ખર્ચનો મુદ્દો નથી, પરંતુ રાજકોટની જનતાના પરસેવાના પૈસાના સંભવિત દુરુપયોગ અને કથિત ભ્રષ્ટાચારનો ગંભીર મુદ્દો છે. ડીમોલેશનની કામગીરી દરમિયાન નાસ્તા, ભોજન, મીઠાઈ, મિનરલ વોટર, કેમેરા સહિત અન્ય વિવિધ ખર્ચના લાખો રૂપીયાના બીલો રજુ કરવામાં આવ્યા હોવાનુ બહાર આવ્યુ છે. શહેરની જનતા આજે સવાલ પુછે છે કે ડીમોલેશનની કામગીરી દરમિયાન આટલો મોટો ખર્ચ શા માટે અને કયા આધાર ઉપર કરવામાં આવ્યો ? આ તમામ ખર્ચ ખરેખર કામગીરી માટે જરૂરી હતો કે નહી તથા રજુ થયેલા બીલો વાસ્તવિક છે કે નહી તેની નિષ્પક્ષ તપાસ થવી અત્યંત જરૂરી છે.

આ ઉપરાંત રજુ થયેલા તમામ બીલો, વાઉચરો, ટેન્ડરો, વર્ક ઓર્ડરો, ચુકવણીઓ તથા સંબંધિત દસ્તાવેજોની જીણવટભરી તપાસ કરીને કેટલા બીલો સાચા છે, કેટલા ખોટા અથવા બનાવટી છે તેમજ અધિકારીઓ, કર્મચારીઓ અને કોન્ટ્રાકટરોની મીલીભગત થી જાહેર નાણાંનો કેટલો દુરુપયોગ અથવા ભ્રષ્ટાચાર થયો છે તેની સંપૂર્ણ વિગતો રાજકોટની જનતા સમક્ષ જાહેર કરવી જરૂરી છે. આવેદનપત્રમાં વધુમાં ઉમેર્યુ છે કે અમારી કોંગ્રેસ પક્ષ તરફથી કેટલીક માંગણીઓ કરવામાં આવી છે. જેમાં (૧) સમગ્ર મામલાની તપાસ માત્ર મહાનગરપાલિકાના અધિકારીઓ અથવા સત્તાધારી પક્ષના પ્રતિનિધિઓની સમિતિ દ્વારા નહી પરંતુ સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમ અથવા નિવૃત્ત જજના અધ્યક્ષસ્થાને સ્વતંત્ર અને નિષ્પક્ષ તપાસ સમિતિની રચના કરીને કરાવવામાં આવે (૨) ડીમોલેશનની કામગીરી દરમિયાન થયેલા દરેક ખર્ચ, દરેક બીલ, દરેક ચુકવણી, દરેક ટેન્ડર, દરેક વર્ક ઓર્ડર તથા દરેક કોન્ટ્રાકટરની સંપૂર્ણ વિગતો જાહેર કરવામાં આવે જેથી રાજકોટની જનતાને સાચી હકીકતની જાણ થઈ શકે (૩) તપાસ દરમિયાન અધિકારીઓ, કર્મચારીઓ, કોન્ટ્રાકટરો અથવા અન્ય કોઈ વ્યકિતની મીલીભગતથી જાહેર નાણાંનો દુરુપયોગ અથવા ભ્રષ્ટાચાર થયો છે ત્યારે તેમની વિરૂધ્ધ તાત્કાલીક ગુન્હો નોંધી કડક કાનુની કાર્યવાહી કરવામાં આવે અને એક દાખલો બેસાડવામાં આવે (૪) સમગ્ર તપાસનો અહેવાલ તથા તેના આધારે કરવામાં આવેલી કાર્યવાહી જાહેર કરીને રાજકોટની જનતા અને મીડીયાને માહિતગાર કરવામાં આવે, જેથી ભવિષ્યમાં જાહેર નાણાંના દુરુપયોગને રોકી શકાય.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી તા.૪ થી ગુજરાતની બે દિવસની મુલાકાતે આવી રહ્યા છે



પ્રતિનિધિ,ગાંધીનગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી તારીખ ૪ અને ૫ જુલાઈના રોજ બે દિવસ ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. આ પ્રવાસ દરમિયાન તેઓ રાજયમાં વિવિધ વિકાસ કામોના લોકાર્પણ અને ખાતમુહુર્ત સાથે ટેકનોલોજી અને માળખાગત સુવિધાઓ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરશે.

વડાપ્રધાનના પ્રવાસનો મુખ્ય કાર્યક્રમ સાણંદમાં નિર્ધારીત છે. જયાં તેઓ અત્યાધુનિક સેમીકન્ડકટર પ્લાન્ટનુ ઉદ્‌ઘાટન કરશે. સેમી કન્ડકટર ક્ષેત્રે ભારતને આત્મનિર્ભર બનાવવાની દિશામાં આ એક મહત્વપૂર્ણ પગલુ માનવામાં આવે છે. આ પ્લાન્ટ રાજયમાં ટેકનોલોજીકલ વિકાસને વેગ આપશે અને સ્થાનિક રોજગારીની તકોમાં વધારો કરશે. ૫ જુલાઈએ વડાપ્રધાન મોદી કચ્છની મુલાકાત લઈ શકે છે. જયાં તેઓ એક વિશાળ જાહેર સભાને સંબોધિત કરે તેવી પ્રબળ શકયતા છે.

આ દરમિયાન તેઓ સ્થાનિક લોકો સાથે સંવાદ સાધશે અને સરહદી જિલ્લાના વિકાસ માટે મહત્વની જાહેરાતો કરી શકે છે. પોતાના બે દિવસીય પ્રવાસ દરમિયાન વડાપ્રધાન ગુજરાતને અનેક નવી વિકાસ યોજનાઓની ભેટ આપશે, તેમાં વિવિધ માળખાગત પ્રોજેકટ, કનેકિટવીટી વધારતા કાર્યો અને લોક કલ્યાણની યોજનાઓનો સમાવેશ થવાની સંભાવના છે.

વડાપ્રધાનના આગમનને લઈને રાજય વહિવટી તંત્ર અને સ્થાનિક તંત્ર દ્વારા અત્યાર થી જ તૈયારીઓનો ધમધમાટ શરૂ કરી દેવામાં આવ્યો છે. સુરક્ષા વ્યવસ્થા, કાર્યક્રમ સ્થળ ની સાફસફાઈ અને જાહેરસભા માટેના આયોજન અંગે ઉચ્ચ સ્તરીય બેઠકોનો દોર ચાલી રહ્યો છે. સત્તાવાર પ્રોટોકોલ અને વિગતવાર કાર્યક્રમ આગામી દિવસોમાં જાહેર કરવામાં આવી શકે છે.

# નવસારી અને સાવરકુંડલામાં ૩ ઈંચથી વધુ વરસાદ

## ૩૦ જૂને સવારે ૬થી સાંજના ૬ વાગ્યા સુધીમાં રાજ્યના અનેક તાલુકાઓમાં મેઘમહેરની સ્થિતિ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

રાજ્યમાં આગામી ૬ જુલાઈ સુધી સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. આ દરમિયાન દક્ષિણ ગુજરાત સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર(SEOC)ના આંકડા અનુસાર, ૩૦ જૂને સવારે ૬થી સાંજના ૬ વાગ્યા સુધીમાં રાજ્યના અનેક તાલુકાઓમાં મેઘમહેરની સ્થિતિ છે. જેમાં છેલ્લા ૧૨ કલાકમાં ૬૨ તાલુકામાં વરસાદ થયો છે.

જેમાં સૌથી વધુ નવસારી અને અમરેલીના સાવરકુંડલામાં ૩ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો છે. જુઓ ક્યાં કેટલો વરસાદ નોંધાયો.

રાજ્યમાં મંગળવારે સવારે ૬થી સાંજના ૬ વાગ્યા સુધીમાં, છેલ્લા ૧૨ કલાકમાં નવસારીમાં ૩.૭ ઈંચ, અમરેલીના સાવરકુંડલામાં ૩.૧૧ ઈંચ, વલસાડના ધરમપુર ૨.૭૬ ઈંચ, સુરતમાં ૨.૪ ઈંચ, સુરતના કામરેજમાં .૩૬ ઈંચ, નવસારીના જલાલપોરમાં ૨.૦૫ ઈંચ, ખેડાના વાસો અને સુરતના પલસાણામાં ૧.૮૫ ઈંચ, વલસાડના નાનાપોંઢામાં ૧.૭૭ ઈંચ, સુરતના અંબિકા, મહુવા અને ડાંગના વઘઈમાં ૧.૬૧ ઈંચ, સુરતના બારડોલીમાં ૧.૫૪ ઈંચ, ઓલપાડમાં ૧.૩૮ ઈંચ, ગીર સોમનાથના ઉનામાં ૧.૩૪ ઈંચ, સુરતના ચોરાસી, માંગરોળ તાપીના વાલોડ, નવસારીના ચીખલી અને તાપીના ડોલવણમાં ૧ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો છે.

રાજ્યના ૪૨ તાલુકામાં ૧ ઈંચથી ઓછો વરસાદ થયો છે. જેમાં વાપી, કપરાડા, પારડી, તાપી, વ્યારા, ખેરગામ, સુરતના ઉમરપાડા, ભાવનગરના ગારીઆધાર, વડોદરાના ડભોઈ, અમદાવાદના ધોલેરા, ખેડાના નડિયાદ સહિતના વિસ્તારોમાં ઈંચ વરસાદ નોંધાયો છે.